Language L.44

# Gujrati

مـركـز المعلومات الإسلامي
Islamic Information Center
للتعريف بالإسلام

Version Date: September 2022





Part of the


ISLAMIC e-LIBRARY


Learn more about Islam with our informative and educational materials, translated to over 50+ languages


@islamicicdxb


## CONTENTS













# ઇસ્લામ
# સંક્ષિપ્ત પરિચય

GUJRATI | (01/08) | نبذة عن الإسلام | FREE COPY

## એક માત્ર અને સર્વશક્તિમાન ઈશ્વરની ઈચ્છાને સમર્પિત થવું.



Dar Al Ber Society
www.daralber.ae
الإمارات
THE EMIRATES
Your Path To Peace..
مركز المعلومات الإسلامي
Islamic Information Center
للتعريف بالإسلام
تصريح رقم:
(2017/139)
دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department
www.islamicic.com

CONTENTS






# થોડુંક ઇસ્લામ વિશે...

**મુસલમાનો આજે વિશ્વની કુલ વસ્તીનો પાંચમો ભાગ છે. તે જોતાં ઈસ્લામ જગતના મોટા ધર્મોમાંનો એક છે. એક સાચા ઈશ્વરને માનવું અને તેની ઉપાસના કરવી એ ઈસ્લામનો પાયો અને જીવનનો ઉદ્દેશ્ય છે.**

અરબી ભાષાના શબ્દ 'ઈસ્લામ' નો પારિભાષિક અર્થ એક માત્ર સાચા ઈશ્વર (અલ્લાહ)ને 'સમર્પણ' થાય છે. આલોક અને પરલોકમાં સફળતા કેવળ ઈસ્લામ દ્વારા જ મળી શકે છે, જેને ઈશ્વરે પસંદ કર્યો છે. બીજા કેટલાક ધર્મોની જેમ ઇસ્લામનું નામ કોઈ વ્યક્તિ કે જાતિ ઉપરથી લેવામાં આવ્યું નથી. કોઈપણ વ્યક્તિ સ્વેચ્છાએ પોતાની મરજીને ઈશ્વરને સમર્પિત કરી દે તેને 'મુસ્લિમ' કહેવાય છે, ચાહે પછી તે ગમે તે જાતિ, કુળ, વંશ, ભાષા કે પ્રદેશની પૃષ્ઠભૂમિ ધરાવતો હોય.

આમતો, આ સંક્ષિપ્ત પૅમ્ફલેટમાં ઇસ્લામની બધી વાતોનો સમાવેશ કરવો અસંભવ છે. તમામ જાતિઓ અને દેશોના લોકો વચ્ચે ભાઈચારા અને બંધુત્વની ભાવના, તેની વ્યવસ્થામાં પરિવાર અને સમાજનું મહત્ત્વ, તેના સંદેશની સાર્વભૌમિકતા તથા તમામ દેશો અને દરેક સમયે તેની વ્યવહારૂતા અને ઔચિત્યને જોતાં ઈસ્લામ એક સંપૂર્ણ જીવન-વ્યવસ્થા છે. જો કે આ પૅમ્ફલેટમાં ઈસ્લામની મુખ્ય છ આસ્થાઓ તથા ઉપાસનાના પાંચ આચારો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

## 'અલ્લાહ' એક સાચા ઈશ્વરનું વ્યક્તિવાચક નામ છે


# ઈમાન (આસ્થા)ના છ સ્તંભો


## ૧. અલ્લાહ પર આસ્થા


''અલ્લાહ'' એક અદ્વિતીય અરબી નામ છે એક માત્ર સાચા ઈશ્વરનું, જે એક માત્ર પૂજા, ભક્તિ અને ઉપાસનાને લાયક છે, તેનો કોઈ શત્રુ નથી, તેના સમાન કે સમકક્ષ કોઈ નથી અને તેનો કોઈ ભાગીદાર નથી. અલ્લાહ (ઈશ્વર) કોઈનો સર્જિત નથી, એ જ રીતે તેની તત્ત્વદર્શિતા, તેના ગુણો અને વિશેષતાઓમાં તેનો કોઈ ભાગીદાર કે સમકક્ષ નથી : જેમકે તે સર્જનહાર છે, તે પાલનહાર છે, તે પરમ્ કૃપાળુ છે, તે સર્વશક્તિમાન છે, તે પરમ્ ન્યાયી છે, તે અત્યંત તત્ત્વદર્શી છે અને તે સર્વજ્ઞાની છે.


ઈશ્વરની સત્તા અને તેના કાર્યોમાં તેનો કોઈ ભાગીદાર નથી. સમસ્ત સૃષ્ટિ કેવળ ઈશ્વરની એક જ આજ્ઞાથી અસ્તિત્વમાં આવી છે, તે જ તેનું સંચાલન કરે છે અને તેના જ અંકુશમાં તે છે. એક માત્ર સર્વોપરી સિવાય કોઈ અન્ય દ્વારા આવું જટિલ અને સંતુલિત નિર્માણ અસંભવ છે. તેથી એ વાત તદન અતાર્કિક છે કે આ સૃષ્ટિની ઉત્પત્તિ આપમેળે થઈ ગઈ છે, અથવા કોઈ હેતુ કે ઉદ્દેશ્ય વિના તેનું સર્જન થયું છે કે પછી તે આકસ્મિક ઘટનાઓનું પરિણામ છે.

CONTENTS
























## ૨. દેવદૂતો (Angels) પર આસ્થા

અલ્લાહે (ઈશ્વરે) પ્રકાશથી દેવદૂતો (ફરિશ્તાઓ)નું સર્જન કર્યું, જેઓ કદાપિ તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરતા નથી. કેટલાક દેવદૂતોની વિગતો આપણને ઈશ્વરે આપી છે, જેમકે જિબ્રઈલ (Gabriel) જે ઈશદૂતો ઉપર ઈશ્વરનો સંદેશ લઈને આવે છે, અને ઇઝરાઈલ (Azrael) જે મનુષ્યોના પ્રાણ લેવાનું કાર્ય કરે છે.

## 3. આકાશી ગ્રંથો પર આસ્થા

માનવતાના માર્ગદર્શન અને કૃપા રૂપે ઈશ્વરે પોતાના સંદેષ્ટાઓ ઉપર દિવ્ય ગ્રંથો અવતિરત કર્યા. જેમાં હઝરત મૂસા અને હઝરત ઈસા ઉપર અવતરિત કરવામાં આવેલ અનુક્રમે તૌરાત અને ઈંજીલનો સમાવેશ થાય છે, એ જ પ્રમાણે કુર્આન હઝરત મુહમ્મદ (અલ્લાહ તેમના ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે) ઉપર અવતરિત કરવામાં આવ્યો. કુર્આન સિવાય, આજે આ ગ્રંથો તેના મૂળ સ્વરૂપે નથી રહ્યા. તે બધાને વિકૃત કરી નાખવામાં આવ્યા છે, ફેરફાર કરી નાખવામાં આવ્યા છે અથવા નાશ પામ્યા છે. કુર્આન અક્ષરસઃ ઈશવાણી છે અને સમગ્ર માનવતા માટે ઈશ્વરનો અંતિમદિવ્ય ગ્રંથ છે. કુર્આન અને ઈશદૂત હઝરત મુહમ્મદ (સલ્લ.)ના કથનો અને આચરણ એ ઇસ્લામી જ્ઞાનનો પ્રાથમિક સ્રોત છે.

**કુર્આનનો એક અનોખો ચમત્કાર એ છે કે તે કોઈપણ પ્રકારના વિરોધાભાસ કે ભૂલ વગરનો ગ્રંથ છે.**

## ૪. ઈશદૂતો પર આસ્થા


પોતાના સંદેશને માનવતા સુધી પહોંચાડવા માટે અલ્લાહે (ઈશ્વરે) પ્રત્યેક કોમમાં ઓછામાં ઓછા એક એમ હજારો ઈશદૂતો મોકલ્યા. આ ઈશદૂતોમાં આદમ(Adam), નૂહ (Noah), ઇબ્રાહીમ (Abraham), દાઊદ (David), યૂસુફ (Joseph), યાકૂબ (Jacob), મૂસા (Moses), ઈસા (Jesus) અને મુહમ્મદ (અલ્લાહ આ બધા ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે)નો સમાવેશ થાય છે. તેમનું કર્તવ્ય એ હતું કે લોકોને એક સાચા ઈશ્વરની ભક્તિ અને ઉપાસના તરફ પાછા વાળવામાં આવે, ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કેવી રીતે કરવું તેનું લોકો સમક્ષ વ્યવહારૂ દૃષ્ટાંત પૂરું પાડે તથા મુક્તિ અને સફળતાના માર્ગ તરફ લોકોનું માર્ગદર્શન કરે. મનુષ્યોને ઈશદૂતોની પૂજા-ઉપાસના કે ભક્તિ અને ઈશ્વરના મધ્યસ્થિના રૂપમાં તેમનો ઉપયોગ કરવાની મનાઈ કરવામાં આવી છે. આ કૃત્યને એક માત્ર ઈશ્વરની જ ઉપાસના કરવાના અધિકારનું ઉલ્લંઘન ગણાય છે.


**ઈશદૂતો ઈશ્વરની દિવ્યતામાં સહેજ પણ ભાગીદાર નથી.**


## – ઈશદૂત ઈસા (Jesus)


મુસ્લિમો માને છે કે ઈસા અલ્લાહના પ્રતિષ્ઠિત ઈશદૂત હતા. હઝરત ઈસાનો જન્મ તેમની કુંવારી માતા મરયમ(Mary)ની કૂખે ચમત્કારિક રીતે થયો હતો. તેમણે ઈશ્વરની આજ્ઞાને આધીન ઘણાં ચમત્કારો પ્રદર્શિત કર્યા હતા : જેમકે બીમારોને સાજા કરવા, આંધળાઓને દેખતા કરવા અને નવજાત શિશુના રૂપમાં આરોપો સામે પોતાની માતાની રક્ષા કરવી વગેરે. મુસ્લિમો ઈસાનો ખૂબ આદર અને તેમને ઊંડો પ્રેમ કરે છે, તેઓ તેમની પૂજા કે બંદગી નથી કરતા. તેમને ઈશ્વરના પુત્ર પણ નથી માનતા, ન તેમને ત્રિત્વ (Trinity)નો એક ભાગ સમજે છે અને ન તો ઈશ્વરના સંપૂર્ણ ગુણોમાં તેમની કોઈ ભાગીદારી હોવાનું માને છે.

CONTENTS
























અલ્લાહ કહે છે : ''અલ્લાહ એવો નથી કે તે કોઈને પોતાનો પુત્ર બનાવે. તે મહાન અને ઉચ્ચ છે. જ્યારે તે કોઈ વસ્તુનો નિર્ણય કરે છે તો બસ, તેને કહી દે છે : થઈ જા ! તો તે થઈ જાય છે.'' (કુર્આન, ૧૯:૩૫)

## – ઈશદૂત **મુહમ્મદ** (સલ્લ.)

મુહમ્મદ (સલ્લ.) અંતિમ ઈશદૂત છે, જેમને સમગ્ર માનવતા માટે મોકલવામાં આવ્યા. તેઓ કુર્આન લઈને આવ્યા, એ દર્શાવવા માટે કે તેની શિક્ષાઓને જીવનમાં કેવી રીતે લાગુ કરી શકાય. તેઓ એક પ્રમાણિક, ન્યાયી, દયાળુ, પ્રેમાળ, સત્યનિષ્ઠ અને બહાદુર માણસના આદર્શ ઉદાહરણ હતા.

પયગંબર મુહમ્મદે ફરમાવ્યું :

''મને હદથી આગળ ન વધારો, જેમકે ખ્રિસ્તીઓએ ઇબ્ને મરયમ (ઈસા)ને હદથી વધારી દીધા. હું તો બસ અલ્લાહ (ઈશ્વર)નો ભક્ત અને તેનો સંદેશવાહક છું, તેથી મને અલ્લાહ (ઈશ્વર)નો બંદો અને તેનો રસૂલ (ઈશદૂત) કહેવાનું રાખો.'' (બુખારી, મુસ્લિમ)

## ૫. **ન્યાયના દિવસ** પર આસ્થા

ન્યાયનો દિવસ એ ઘટના છે, જ્યારે દરેક મનુષ્ય પોતાના સર્જનહાર સમક્ષ ઊભો હશે અને તેણે કરેલાં સારા અને ખરાબ કાર્યો વિશે તેનાથી પૂછપરછ થશે. દરેકના કર્મો તેનાં કદને ધ્યાનમાં રાખ્યા વગર તાદશ દેખાડવામાં આવશે, અને તદનુસાર દરેકનો ન્યાય થશે.

આ મહત્ત્વના દિવસે, ઈશ્વર, પરમ્ ન્યાયી, તમામ મામલાઓનો ન્યાયીક રીતે નિર્ણય કરશે, ઇનામના રૂપમાં સ્વર્ગનો કે પછી સજાના રૂપમાં નર્કનો.

**ન્યાના દિવસ વિના જીવન એકંદરે ગેરવાજબી છે. કારણકે દરેક વ્યક્તિને આ દુનિયામાં પુરતો ન્યાય મળતો નથી.**

## ૬. **ભાગ્ય અને નિયતિ** પર આસ્થા


અલ્લાહ (ઈશ્વર) ભૂતકાળને, વર્તમાનને અને ભવિષ્યમાં જે કંઈ થવાનું છે તે બધું જ જાણે છે.


દરેક વ્યક્તિને સારું અને ખરાબ, સાચું અને ખોટું, સત્ય અને અસત્ય બેમાંથી ગમે તે પસંદ કરવાની સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવી છે, અને તદનુસાર તેનો હિસાબ લેવામાં આવશે. જો કે આમાંથી એ લોકોને મુક્તિ આપવામાં આવી છે, જેઓ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી શકતા નથી; જેમકે ગંભીર રૂપે માનસિક અને બૌદ્ધિક અસમર્થ વ્યક્તિ.


સ્વતંત્રતા એ હકીકતથી વિસંગત નથી કે ઘટનાઓ કેવળ અલ્લાહના જ્ઞાન અને તેની અનુમતિની સાથે જ ઘટી શકે છે, ન તેનો અર્થ એ છે કે ઈશ્વરનું દરેક વસ્તુ ઉપર સામર્થ્ય લોકોની સ્વતંત્રતા અને મરજીને અવરોધે છે કે નિયંત્રિત કરે છે. લોકોના નિર્ણયોની ઈશ્વરને જાણ હોવાનો અર્થ એ નથી કે તેમને આવા નિર્ણયો કરવાનું દબાણ કરવામાં આવ્યું છે, અને જરૂરી નથી કે ઈશ્વર એ દરેક કાર્યથી ખુશ છે, જેને કરવાની તેણે અનુમતિ આપી છે.


**ઈશ્વર દરેક વસ્તુ પર સામર્થ્ય ધરાવે છે - કંઈપણ તેના જ્ઞાન અને પરવાનગી વિના ઘટી શકતું નથી.**

CONTENTS
























મુસ્લિમના જીવનનો પાયો

# બંદગી (ઉપાસના)ના પાંચ સ્તંભો

## ૧. ઈમાન (આસ્થા)ની ઘોષણા

**આસ્થા કે ઈમાનની ઘોષણાનો અર્થ એ વાતની સાક્ષી આપવી છે કે એક માત્ર ઈશ્વર સિવાય કોઈ ઉપાસનાને લાયક નથી અને મુહમ્મદ તેના સંદેશવાહક છે.** આ મૌખિક રૂપે બોલવું અનિવાર્ય છે અને હૃદયમાં પણ તેનો નિષ્ઠાપૂર્ણ અને દૃઢ વિશ્વાસ હોવો જોઈએ. આ ઘોષણાની સાથે એક વ્યક્તિ મુસ્લિમ બનવા માટે તમામ જૂઠાં ખુદાઓનો અને ઉપાસ્યોનો ઈન્કાર કરે છે અને અલ્લાહ (ઈશ્વર)ને જ એક માત્ર પૂજા-ઉપાસનાને લાયક સમજે છે અને તેના ઈશદૂતને માને છે.

## ૨. પાંચ સમયની દૈનિક નમાઝો

**પાંચ દૈનિક નમાઝ એ ઈસ્લામનો બીજો સ્તંભ છે.** નમાઝ એક મુસ્લિમને વ્યક્તિગત અને આધ્યાત્મિક રૂપે પોતાના સર્જનહાર સાથે જોડે છે, અને પોતે ઈશ્વરને સમર્પિત અને આજ્ઞાંકિત હોવાના કર્તવ્યનું તેને સ્મરણ કરાવે છે. તેનો સમય પ્રાતઃકાળે, બપોરે, સાંજે, સૂર્યાસ્ત વખતે અને રાત્રે નિર્ધારિત છે. પ્રત્યેક નમાઝને પૂરી કરવામાં થોડીક જ મિનિટ લાગે છે, અને જેમાં કુર્આનનું પઠન, દુઆ અને પ્રાર્થના તથા ઈશ્વરની સ્તુતિ-પ્રશંસા અને વિવિધ શારીરિક આસનો કરવામાં આવે છે. નમાઝ ની તૈયારીમાં આધ્યાત્મિક અને શારીરિક પવિત્રતાને સુનિશ્ચિત કરવા માટે એક મુસ્લિમ પોતાના શરીરના ચોક્કસ ભાગોને સારી રીતે ધુએ છે; જેમકે ચહેરો, હાથ અને પગ.

## ૩. વાર્ષિક દાન (ઝકાત)


**વાર્ષિક ધર્મ-દાન એ પ્રત્યેક મુસ્લિમ ઉપર અનિવાર્ય છે, જે નિશ્ચિત ધોરણ પૂરા કરતો હોય:** જેમકે કોઈ વ્યક્તિ પાસે નિર્ધારિત સીમાથી વધારે સંપત્તિ હોય. વાર્ષિક સંપત્તિના કેવળ ૨.૫% ભાગ એ લોકોને દાન કરવામાં આવે છે, જેઓ તેને સ્વીકારવાને લાયક હોય; જેમકે ગરીબ, જરૂરતમંદ, મુસાફરો વગેરે. આ ધર્મ-દાનથી વ્યક્તિની ધન-સંપત્તિ અને હૃદય બંને પવિત્ર અને શુદ્ધ થાય છે, અને તેનાથી આપનાર અને લેનાર બંને લાભાન્વિત થાય છે. એક લાભ એ છે કે તેનાથી ધનવાન અને ગરીબ વચ્ચેનું અંતર ઘટે છે, અને એ વાત સુનિશ્ચિત થાય છે કે દરેકને તેની પ્રાથમિક જરૂરતો મળી રહે છે.


## ૪. ઉપવાસ (રોઝા)


**રમઝાન એ ઈસ્લામી કેલેન્ડર મુજબ નવમો મહિનો છે.**


**પ્રત્યેક વર્ષે રમઝાન માસમાં મુસલમાનો પરોઢથી સૂર્યાસ્ત સુધી ઉપવાસ રાખે છે, જેને રોઝા કહે છે. રોઝામાં તેઓ અન્ન, પ્રવાહી અને જાતીય સંબંધોથી દૂર રહે છે.** તેનાથી તેમની આધ્યાત્મિક શુદ્ધિ, શાંતિ અને આત્મ-સંયમકેળવાય છે, અને અન્ય ઘણાં સ્વાસ્થ્ય સંબંધિત ફાયદાઓ થાય છે. રોઝા પ્રત્યેક શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ પુખ્ત મુસ્લિમ ઉપર અનિવાર્ય છે. બાળકો, બીમાર, માનસિક અસ્વસ્થ, વૃદ્ધ, માસિક ધર્મવાળી મહિલા અને મુસાફરોને રોઝાથી મુક્તિ આપવામાં આવી છે. જો રોઝાથી ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓને અથવા તેના બાળકને હાનિની આશંકા હોય તો તેમને પણ રોઝાથી મુક્તિ આપવામાં આવી છે.

CONTENTS






















## ૫. હજ્જ-યાત્રા

**બધા યાત્રાળુઓ હજ દરમિયાન સાદા અને સમાન કપડા પહેરે છે. જે તેમની જ્ઞાતિ અને સંસ્કૃતિની ભિન્નતાને દુર કરી ઈશ્વરની સામે એક સમાન રીતે રજૂ થાય છે.**

સાઉદી અરેબિયામાં આવેલ પવિત્ર શહેરો, મક્કા અને મદીનાની યાત્રા કરવી, જેને હજ્જ કહેવામાં આવે છે, એ એવા દરેક મુસ્લિમ માટે જીવનમાં એક વાર અનિવાર્ય છે, જે શારીરિક અને આર્થિક રીતે સંપન્ન હોય. હજ્જ ઈસ્લામી કેલેન્ડર વર્ષના ૧૨ મા મહિનામાં આવે છે. હજ્જમાં પ્રત્યેક રંગ અને વર્ણ, જાતિ, દેશ અને દરજ્જા અને ઉંમરના લોકો એકીકૃત થઈને એક સાચા ઈશ્વરની ઉપાસના કરે છે. આ મહાન યાત્રાના ઘણાં અંગભૂત ઘટકો છે; જેમકે ત્યાગ અને બલિદાન, વિભિન્ન સ્થળોનો પ્રવાસ તથા પ્રાર્થના અને બંદગી. આ એવો અનુભવ છે જેનાથી વ્યક્તિના જીવનમાં ચેતના અને વિનમ્રતા ઉત્પન્ન થાય છે તથા તેને વધુ શાંત, ધૈર્યવાન અને કૃતજ્ઞ બનાવે છે. તેને એ અહેસાસ થાય છે કે જીવનમાં મળેલ તમામ વસ્તુઓ વાસ્તવમાં એ ઈશ્વરનું પ્રદાન છે.

# ઈબાદત (ઉપાસના)ની ધારણા

ઈસ્લામની ઉપાસનાની કલ્પના ઉપર દર્શાવેલ વિધિઓ સુધી સીમિત નથી, બલ્કે ઈસ્લામમાં ઉપાસના એક વ્યાપક કલ્પના છે. તદનુસાર, શુદ્ધ ઈરાદાથી અને ઈશ્વરે દર્શાવેલ માર્ગદર્શન અનુસાર કરવામાં આવેલ પ્રત્યેક કાર્યનો સમાવેશ ઉપાસનામાં થાય છે; જેમકે સ્મિત કરવું, પાડોસીઓ સાથે સદ્‌વર્તન, કોઈ પરિવારને મદદ કરવી, પ્રમાણિકતા વગેરે, ઉપરાંત રસ્તામાં નડતરરૂપ વસ્તુને દૂર કરવી પણ ઉપાસના છે. ધ્યાનમાં રહે કે ઈશ્વરને કોઈની ઉપાસના કે ભક્તિની આવશ્યકતા નથી, વાસ્તવમાં આપણને તેની જરૂરત છે, અને આપણી ઉપાસના અને ભક્તિ આપણાં જ લાભ માટે છે.

# સમાપન

ઉપર દર્શાવેલ ઈમાન (આસ્થા) અને ઈબાદત (ઉપાસના)નો દૃષ્ટિકોણ ઈસ્લામનો સાર છે. જ્યારે તેના ઉપર અમલ કરવામાં આવશે, તો તેનાથી આધ્યાત્મિક, શારીરિક, વૈચારિક અને માનસિક અને સામાજિક આવશ્યકતાઓની પૂર્તિ નિશ્ચિત રૂપે થશે. ઈસ્લામ જીવનનો તદન વ્યવહારિક અને તાર્કિક માર્ગ છે. તદુપરાંત, આ જ એક માત્ર માર્ગ છે, જેને સર્વશક્તિશાળી ઈશ્વરે પસંદ કર્યો છે, અને આ જ એક માત્ર માર્ગ છે જે સ્વર્ગ તરફ લઈ જાય છે.

"હે મનુષ્ય ! કઈ વસ્તુએ તને પોતાના પરમ્ કૃપાળુ પ્રભુ વિશે ધોખામાં નાખી રાખ્યો છે ? જેણે તને તારું રૂપ આપ્યું, તને નખશિખથી દુરસ્ત બનાવ્યો, અને તને સંતુલન પ્રદાન કર્યું. જે રૂપમાં ઈચ્છ્યો તેણે તને જોડીને તૈયાર કર્યો. કદાપિ નહીં, બલ્કે તમે બદલાના દિવસ (ન્યાયના દિવસ)ને ખોટો ઠેરવો છો.' (કુર્આન, ૮૨:૬-૯)


HOTLINE
+971 56 204 2045
islamicicdxb
islamicic.com info@islamicic.com +971 4 355 5223
DOWNLOAD GUJRATI FLYER
www.iicdxb.com/gujrati

CONTENTS


ઇસ્લામ સંક્ષિપ્ત પરિચય

ઈશદૂત મુહમ્મદ

માનવ-જાતિ માટે અંતિમ દિવ્ય સંદેશ કુર્આન

ઇસ્લામ વિશેની ગેરસમજો ભાગ-૧

ઇસ્લામમાં સ્ત્રીઓના અધિકારો

મૃત્યુ અને પરલોકનું જીવન ઇસ્લામી દ્રષ્ટિકોણ

એકેશ્વરવાદ

વ્યાજનું વિષચક્ર


# ઈશદૂત મુહમ્મદ

(સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)


GUJRATI (02/08) النبي محمد عليه الصلاة والسلام FREE COPY


## આ વ્યક્તિ વિશે તમારે અવશ્ય જાણવું જોઈએ..!

જો તમે ઈશ્વરને પ્રેમ કરતા હોય તો મારૂ અનુસરણ કરો, ઈશ્વર પણ તમને પ્રેમ કરશે અને તમારા અપરાધો (પાપો) માફ કરશે. (કુર્આન - ૩:૩૧)


جمعية دار البر Dar Al Ber Society www.daralber.ae

الإمارات THE EMIRATES


Your Path To Peace..


مركز المعلومات الإسلامي Islamic Information Center للتعريف بالإسلام


تصريح رقم (2017/139) دائرة الشؤون الإسلامية والعمل الخيري Islamic Affairs & Charitable Activities Department


www.islamicic.com


CONTENTS























# કોણ છે મુહમ્મદ?

(સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)

> **હકીકતમાં તમારે (અનુસરવા) માટે અલ્લાહના રસૂલમાં એક સર્વશ્રેષ્ઠ નમુનો છે એ દરેક લોકો માટે જે અલ્લાહ અને ન્યાયના દિવસની અપેક્ષા રાખતો હોય. (કુર્આન - ૩૩ : ૨૧)**

મુસ્લિમો માને છે કે મુહમ્મદ (સલ્લ.) ઈશદૂતોની લાંબી શ્રૃંખલાના અંતિમઈશદૂત છે, જેમને એટલા માટે મોકલવામાં આવ્યા હતા કે તેઓ લોકોને એક માત્ર ઈશ્વર (અરબી ભાષામાં 'અલ્લાહ')ના આજ્ઞાપાલન અને ઉપાસનાનું આમંત્રણ આપે. આ ઈશદૂતોમાં આદમ(Adam), નૂહ (Noah), ઇબ્રાહીમ(Abraham), ઇસ્માઈલ ઇસ્માઈલ (Ishmael), ઇસ્હાક (Isaac), યાકૂબ (Jacob), યૂસુફ (Joseph), મૂસા (Moses), દાઊદ (David), સુલેમાન (Solomon) અને ઈસા (Jesus)નો સમાવેશ થાય છે. ઈશદૂતોના આ કેટલાક નામો છે, જેમનો નામસહિત કુર્આનમાં ઉલ્લેખ છે.

જેમકે મુસલમાનો માને છે કે મૂસા (અલૈ.)ને દિવ્ય ગ્રંથ 'તૌરાત' (પયગંબર Moses ઉપર અવતરિત મૂળ અને બગાડરહિત દિવ્ય ગ્રંથ) અને ઈસા (અલૈ.)ને 'ઈન્જીલ' (પયગંબર Jesus ઉપર અવતરિત મૂળ અને બગાડરહિત દિવ્ય ગ્રંથ, હાલ જોવા મળતું સંસ્કરણ નહીં) લઈને મોકલ્યા, તે જ રીતે મુસ્લિમો માને છે કે મુહમ્મદ (સલ્લ.)ને દિવ્ય ગ્રંથ કુર્આન લઈને, તેની શિક્ષાઓ ઉપર અમલ કેવી રીતે કરી શકાય તે દર્શાવવા મોકલ્યા.

ઈશદૂતના પવિત્ર પત્ની આઇશા (રદિ.)ને એક વખતે ઈશદૂત વિશે પૂછવામાં આવ્યું, અને તેમણે જવાબ આપ્યો કે તેઓ 'ચાલતું-ફરતું કુર્આન' હતા. તાત્પર્ય એ છે કે તેમણે ખૂબ જ કાળજીપૂર્વક અને નિષ્ઠાથી કુર્આનની શિક્ષાઓને પોતાનાં દૈનિક જીવનમાં ઉતારી હતી. આવો, આપણે જોઈએ કે એ ઉમદા શિક્ષાઓને તેમણે પોતાના આચરણમાં કેવી રીતે ઉતારી :


## દયા અને કૃપાનું મિશન


લોકોને પ્રાર્થના (નમાઝ), ઉપવાસ (રોઝા) અને ધર્મદાન (ઝકાત)ની સાથે પયગંબર (સલ્લ.)એ ઉપદેશ આપ્યો કે ઈશ્વરમાં શ્રદ્ધાની અસર બીજા લોકો સાથેનાં વ્યવહારમાં અવશ્ય દેખાવી જોઈએ. તેમણે કહ્યું, "તમારામાં સૌથી શ્રેષ્ઠ એ લોકો છે, જેઓ નૈતિકતામાં તમારામાં સૌથી શ્રેષ્ઠ છે" (બુખારી, મુસ્લિમ)


> **"અમે (ઈશ્વરે) તમને સમગ્ર સંસાર માટે બસ સર્વથા દયા અને કૃપા બનાવીને મોકલ્યા છે." (કુર્આન, ૨૧:૧૦૭)**


ઈશદૂત (સલ્લ.)ના ઘણાં ફરમાનો વ્યક્તિની આસ્થા અને આચરણ વચ્ચેના સંબંધ ઉપર ભાર મૂકે છે; જેમકે : "જે વ્યક્તિ અલ્લાહ (ઈશ્વર) અને આખિરત (પરલોકના જીવન) ઉપર શ્રદ્ધા (ઈમાન) રાખતો હોય તેણે પોતાના પાડોસીની ઇજ્જત કરવી જોઈએ, અને જે વ્યક્તિ ઈશ્વર અને પરલોક ઉપર શ્રદ્ધા રાખતો હોય તેણે મહેમાનોનું આતિથ્ય કરવું જોઈએ...., અને જે વ્યક્તિ ઈશ્વર અને પરલોક ઉપર શ્રદ્ધા રાખતો હોય તેણે હંમેશા સારી વાત કહેવી જોઈએ અથવા ચૂપ રહે." (બુખારી)

CONTENTS






















અંતિમ ઈશદૂત (સલ્લ.)એ લોકોને દયા અને એક-બીજાનો આદર કરવાની શિક્ષા આપી : **"ઈશ્વર એ વ્યક્તિ ઉપર દયા નથી કરતો, જે લોકો પર દયા નથી કરતો."** (બુખારી, મુસ્લિમ)

એક બીજા પ્રસંગે, કેટલાક લોકોએ ઈશદૂત (સલ્લ.)ને વિનંતી કરી કે અનેકેશ્વરવાદીઓ (તથા અધર્મીઓ અને નાસ્તિકો)ને શ્રાપ માટે ઈશ્વરથી પ્રાર્થના કરો, તો તેમણે જવાબ આપ્યો, **"મને શ્રાપ આપવાવાળો બનાવીને મોકલવામાં નથી આવ્યો, બલ્કે મને તો બસ દયા અને કૃપા બનાવીને મોકલવામાં આવ્યો છે."** (મુસ્લિમ)

# ક્ષમા

ઈશદૂત (સલ્લ.) તમામ લોકોમાં સૌથી વધારે ક્ષમાશીલ અને સૌથી વધારે દયાળુ હતા. કોઈ વ્યક્તિ તેમની નિંદા કરતો તો તેને પણ તેઓ માફ કરી દેતાં, અને પરિણામે નિષ્ઠુર થી નિષ્ઠુર માણસ પણ એકદમ શાંત થઈ જતો. તેઓ અત્યંત સૌમ્ય હતા, અને વિશેષ રૂપે જ્યારે તેમના હાથમાં બધું જ હોય અને વેર વાળવાની સત્તા હોય તો પણ તેઓ માફ કરી દેતાં !

**"તેમને માફ કરી દેવા જોઈએ અને તેમનાથી દરગુજર કરવી જોઈએ. શું તમે નથી ઇચ્છતા કે અલ્લાહ (ઈશ્વર) તમને માફ કરે ? ઈશ્વર અત્યંત ક્ષમાશીલ અને દયાળુ છે." (કુર્આન, ૨૪:૨૨)**

મુહમ્મદ (સલ્લ.) સૌના માટે ક્ષમાશીલ હતા અને ભલે ને તેમના વિરોધમાં કોઈકે ગમે તેટલો ગંભીર ગુનો કે હુમલો કર્યો હોય, પણ એવું ક્યારેય નથી બન્યું કે તેમણે તેને માફી ન આપી હોય ! તેઓ ક્ષમા અને દયાના ઉત્કૃષ્ટ ઉદાહરણ હતા, જેમકે કુર્આનમાં ફરમાવ્યું છે:**"ક્ષમા અને દયાની રીત અપનાવો (હે મુહમ્મદ !), ભલાઈની શિખ આપતા રહો અને અજ્ઞાનીઓની ઉપેક્ષા કરો."** (કુર્આન, ૭:૧૯૯)

# સમાનતા

નીચેની ઉક્તિમાં ઈશદૂત (સલ્લ.)એ ઉપદેશ આપ્યો છે કે ઈશ્વરની નજરમાં તમામ માનવો સમાન છે,


"...તમે બધા આદમથી છો અને આદમ (પૃથ્વી ઉપરના પ્રથમ પુરુષ)ને માટીમાંથી બનાવવામાં આવ્યા હતા... તમારામાંથી તે જ અલ્લાહની નજરમાં શ્રેષ્ઠ અને પ્રતિષ્ઠિત છે, જે તમારામાં સૌથી વધુ સંયમી અને ઈશ-ભય રાખવાવાળો છે. કોઈ આરબને બિનઆરબ પર અને કોઈ બિનઆરબને આરબ પર શ્રેષ્ઠતા પ્રાપ્ત નથી, સિવાય કે સંયમ અને ઈશભયના." (અંતિમ પ્રવચન-હજ્જતુલ વિદાઅ)


**"વાસ્તવમાં ઈશ્વરની નજરમાં તમારામાં સૌથી વધુ પ્રતિષ્ઠિત એ છે, જે તમારામાં સૌથી વધારે સંયમી અને ઈશભય રાખનારો છે." (કુર્આન, ૪૯:૧૩)**


"મહાન ઈશ્વર તમારા ચહેરાઓ અને તમારા ધનને નથી જોતો, બલ્કે તેની નજર તમારા હૃદયો અને તમારા કાર્યો પર હોય છે." (મુસ્લિમ)


આવો જ એક પ્રસંગ છે : એક વખતે ઈશદૂત (સલ્લ.)ના એક સાથીએ પોતાના બીજા સાથીને અપમાનજનક શબ્દોમાં કહ્યું, "હે કાળી સ્ત્રીના પુત્ર !" આ સાંભળીને ઈશદૂત

CONTENTS
























(સલ્લ.) ગુસ્સે થઈ ગયા અને કહ્યું, “તમે તેની નિંદા એટલા માટે કરો છો કે તેની માતાની ચામડી કાળી છે ? તમારામાં હજુ પણ ઈસ્લામ પહેલાંના અજ્ઞાનતાકાળની નિશાનીઓ મોજૂદ છે.”

# સહિષ્ણુતા

“સત્કર્મો અને દુષ્કર્મો સમાન નથી. તમે ખરાબ આચરણની બૂરાઈને સારામાં સારા આચરણથી દૂર કરો. પછી તમે શું જોશો કે એ જ વ્યક્તિ, જેનું તમારા અને તેના વચ્ચે વેર પડેલું હતું, જાણે કોઈ ઘનિષ્ટ મિત્ર છે.” (કુર્આન, ૪૧:૩૪)

“જો લોકો ભલાઈ કરે તો તમારા ઉપર અનિવાર્ય છે કે તમે પણ ભલાઈ કરો અને જો તેઓ બૂરાઈ કરે તો તમે અત્યાચાર ન કરો.” (તિરમિઝી) જે તમારા સાથે બૂરાઈ કરે તમે તેના સાથે ખરાબ આચરણ ન કરો, બલ્કે તમારે તેમના સાથે માફી અને દરગુજરનું વર્તન કરવું જોઈએ. અંતિમ ઈશદૂત (સલ્લ.) વ્યક્તિગત હુમલાઓ અને નિંદાઓની પ્રતિક્રિયા આ પ્રમાણે આપતા હતા.

ઈસ્લામી ઈતિહાસમાં એવા ઘણાં દાખલાઓ મળી આવે છે કે જ્યાં પયગંબર (સલ્લ.)ને પોતાની સાથે જેણે ખરાબ કર્યું હોય તેના સામે બદલો લેવાની તક મળી હોય, પણ તેઓ એવું કરવાથી દૂર રહ્યા હોય અને તેને માફ કરી દીધો હોય.

આપત્તિ અને મુશ્કેલી વખતે પણ તેમણે ધીરજ રાખવાની શિખામણ આપી : “પહેલવાન અને બળવાન એ નથી જે લોકોને (કુસ્તીમાં) પછાડી દે, બલ્કે બળવાન અને પહેલવાન તો વાસ્તવમાં એ છે, જે ગુસ્સાના સમયે પોતાને કાબૂમાં રાખે.” (બુખારી, મુસ્લિમ)

ધૈર્ય અને શાંતિનો અર્થ એ નથી કે હંમેશા નિષ્ક્રિય અને ઉદાસીન રહેવામાં આવે અને પોતાના ઉપર હુમલો થાય ત્યારે પણ પ્રતિરક્ષા ન કરવામાં આવે. ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)એ ફરમાવ્યું : “હે લોકો ! દુશ્મનથી મુઠભેડની તમન્ના ન કરો, અને ઈશ્વરથી શાંતિ અને સુકૂનની પ્રાર્થના કરો. પછી જ્યારે તેમનાથી મુઠભેડ થઈ જ જાય તો અડગ રહો.” (મુસ્લિમ)

# સુશીલતા અને મૃદુતા


“અલ્લાહ (ઈશ્વર) તરફથી જ મોટી કૃપા છે જેના કારણે તમે તેમના માટે કોમળ-હૃદયના રહ્યા છો, જો ક્યાંક તમે સ્વભાવે ક્રૂર અને કઠોર-હૃદયી હોત તો આ સૌ તમારા પાસેથી વિખેરાઈ જતા.” (કુર્આન, ૩:૧૫૯)


“અલ્લાહ (ઈશ્વર) તરફથી જ મોટી કૃપા છે જેના કારણે તમે તેમના માટે કોમળ-હૃદયના રહ્યા છો, જો ક્યાંક તમે સ્વભાવે ક્રૂર અને કઠોર-હૃદયી હોત તો આ સૌ તમારા પાસેથી વિખેરાઈ જતા.” (કુર્આન, ૩:૧૫૯)


હઝરત અનસ (રદિ.), જેમણે પયગંબર મુહમ્મદ (સલ્લ.) સાથે ૧૦ વર્ષ વિતાવ્યા હતા, કહ્યું કે મુહમ્મદ (સલ્લ.)નું મારા સાથેનું વર્તન હંમેશા ઉદાર અને નમ્રતાભર્યું રહેતું. તેમણે પુષ્ટિ કરી કે, “ઈશ્વરના સોગંદ ! આપ (સલ્લ.)એ કોઈ કામને જે મેં કર્યું તેના વિશે કદી એવું નથી કહ્યું કે તેં આવું કેમ કર્યું ? અને જેને મેં ન કર્યું તેના વિશે એમનથી કહ્યું કે તેં આ કેમ ન કર્યું ?” (મુસ્લિમ) તેઓ બધા લોકોમાં સૌથી વધારે માયાળુ હતા.


એક વખતે, ઈશદૂત (સલ્લ.)ના પવિત્ર પત્નીનું કોઈ વ્યક્તિએ અપમાન કર્યું, તેના

CONTENTS
























બદલામાં ખૂબ ક્રોધિત થઈને તેણીએ પ્રત્યાઘાત આપ્યો. ઈશદૂત (સલ્લ.)એ તેમને શિખામણ આપી : **"સુશીલતાને પોતાના ઉપર અનિવાર્ય કરી લો, કેમકે ઈશ્વર સુશીલ અને સૌમ્ય છે અને સૌમ્યતાને પસંદ કરે છે."** (મુસ્લિમ)

તેમણે એ પણ કહ્યું : **"નરમીને અપનાવો, ....એટલા માટે કે જે વસ્તુમાં નરમી હોય છે તે તેના માટે શોભા અને સૌંદર્યનું કારણ બને છે અને જે વસ્તુમાંથી નરમી અલગ કરી લેવામાં આવે છે તો તે વસ્તુ તેનાથી ખામીયુક્ત થઈ જાય છે.** (મુસ્લિમ)

# નમ્રતા

**"રહમાન (પરમ્ કૃપાળુ) ના ભક્તો એ જ છે જેઓ ધરતી ઉપર નમ્રતાપૂર્વક ચાલે છે અને જ્યારે અજ્ઞાની તેના મોઢે લાગે છે તો કહી દે છે : તને સલામ!" (કુર્આન, ૨૫:૬૩)**

ઈશદૂત (સલ્લ.) પોતાના આદર માટે ઊભા થવાથી લોકોને હંમેશા અટકાવતા. સભામાં પોતાને જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જતા અને ક્યારેય ઊંચી બેઠક કે પ્રમુખ સ્થાનની ઇચ્છા ન કરતા. તેઓ પોતાના સાથીઓથી અલગ પોષાક કદાપિ ન પહેરતાં કે પોતે તેમનાથી અલગ દેખાય અથવા તેમનાથી ઉચ્ચ વર્ગના લાગે. તેઓ ગરીબો અને જરૂરતમંદો સાથે સહજતાથી ભળી જતા, વડીલ લોકો સાથે બેસવાનું રાખતા અને વિધવાઓની મદદ કરતા. જે લોકો તેમને ઓળખતા નહીં, તેઓ તેમને સમૂહમાંથી અલગ તારવી પણ ન શકતા.

પોતાના સાથીઓને સંબોધતાં તેમણે કહ્યું : **"મહિમાવાન ઈશ્વરે મારા ઉપર દિવ્ય પ્રકાશના કરી છે કે વિનયશીલતા અપનાવો, ત્યાં સુધી કે ન કોઈ વ્યક્તિ કોઈના સામે ઘમંડ કરે અને ન કોઈના ઉપર અત્યાચાર અને અતિરેક કરે."** (મુસ્લિમ)

જો તેઓ પોતે ઈશ્વર છે એવું કહેતા તો લોકો તેને પણ માની લેતાં, છતાં તેમને હંમેશા એ ભય રહેતો કે ક્યાંક લોકો તેમની પૂજા-અર્ચના અને ઉપાસના કરવાનું ન શરૂ કરી દે ! આવી હતી તેમની વિનયશીલતા અને સૌમ્યતા ! તેમણે પોતાના અનુયાયીઓને સચેત કર્યા કે :
**"મને હદથી આગળ ન વધારો, જેમકે ખ્રિસ્તીઓએ ઇબ્ને મરયમ(ઈસા)ને હદથી વધારી દીધા. હું તો બસ ઈશ્વરનો ભક્ત અને તેનો સંદેશવાહક છું, તેથી મને ઈશ્વરનો ભક્ત અને તેનો ઈશદૂત કહેવાનું રાખો."** (બુખારી, મુસ્લિમ)


# આદર્શ પતિ


**"અને તેમના સાથે સારી રીતે જીવન વિતાવો." (કુર્આન, ૪:૧૯)**


ઈશદૂત (સલ્લ.)ની પ્રિય પત્ની આઇશા, પોતાના કુલીન અને ઉદાર પતિ વિશે કહે છે : **"તેઓ હંમેશા ઘરના કામોમાં મદદ કરતા, જૂનાં ફાટેલાં કપડાંઓને સીવતા, પગરખાઓની મરમ્મત કરતા અને ઝાડું વાળતા, પશુઓનું દૂધ દોહતા, બરાબર મૂકતાં અને તેમને ચારો નાખતા...અને રોજિંદા કામકાજ કરતા."** (તિરમિઝી)


એટલું જ નહિ કે તેઓ પોતે જ એક નિષ્ઠ પતિ હતા, બલ્કે પોતાના સાથીઓને પણ પોતાનું અનુસરણ કરવા પ્રેરિત કરતા : **"શ્રદ્ધાળુઓ (મુસ્લિમો)માંથી આસ્થામાં સૌથી પૂર્ણ વ્યક્તિ એ છે જે તેમનામાં નૈતિકતામાં સૌથી સારો છે, અને તમારામાં સૌથી સારો વ્યક્તિ એ છે જે પોતાની સ્ત્રીઓ સાથે સારો હોય."** (તિરમિઝી)

CONTENTS






















# આદર્શ નમૂનો

**''નિઃશંક (હે મુહમ્મદ !) તમે નૈતિકતાના ઉચ્ચ શિખરે બિરાજમાન છો.'' (કુર્આન, ૬૮:૪)**

આ તો ઈશદૂત મુહમ્મદ (સલ્લ.) પોતાનું જીવન કેવી રીતે જીવ્યા તેની એક ઝાંખી છે, તેમ છતાં ભલાઈ અને દયાના જે ઉદાહરણો અહીં દર્શાવ્યા છે, તેનાથી પણ કેટલાક લોકો જરૂર આશ્ચર્ય અનુભવશે, જેમને મીડિયાએ ઈસ્લામની વિકૃત છબી દેખાડી છે અને આ અંગે તેમના સામે નિરંતર ખોટી રજૂઆતો કરવામાં આવતી રહી છે.

જે વ્યક્તિ ઈસ્લામને ખરેખર સમજવા માગતો હોય તેણે તેના પ્રત્યક્ષ સ્રોત - કુર્આન અને ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)ના કથનો અને તેમનાં આચરણને જોવા જોઈએ; અને કોઈએ પણ માર્ગ-ભૂલેલાં ગણ્યા-ગાંઠ્યા મુસ્લિમોને જોઈને ઈસ્લામને મૂલવવો ન જોઈએ.

# બિનમુસ્લિમોના અભિપ્રાયો


ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના રાજકીય અને આધ્યાત્મિક મુખ્ય નેતા મહાત્મા ગાંધીએ કહ્યું, "...હવે મને પહેલાંથી પણ વધુ વિશ્વાસ થઈ ગયો છે કે તે તલવારની શક્તિ નહોતી, જેણે ઈસ્લામ કાજે વિશ્વના પ્રદેશોમાં વિજય પ્રાપ્ત કર્યો, બલ્કે તે ઈસ્લામના પયગંબરનું અત્યંત સાદગી ભર્યું જીવન, આપની નિઃસ્વાર્થતા, વચન-પાલન અને નીડરતા હતી, પોતાના મિત્રો અને અનુયાયીઓથી પ્રેમ તથા ઈશ્વર અને પોતાના મિશન ઉપર અપાર શ્રદ્ધા હતા. આ તલવારની શક્તિ નહોતી, બલ્કે આ જ તમામ ગુણો અને વિશેષતાઓ હતી, જેનાથી સમગ્ર દુનિયાના અવરોધો દૂર થઈ ગયા અને તેમણે તમામ વિષમતાઓ ઉપર વિજય મેળવી લીધો." (યંગ ઇન્ડિયા)"

બ્રિટિશ નાટ્યકાર જ્યાર્જ બર્નાડ શો કહે છે : "આવતા સો વર્ષમાં જો કોઈ ધર્મને માત્ર ઈંગ્લેન્ડ ઉપર નહિં, બલ્કે યુરોપ ઉપર શાસન કરવાની તક મળશે તો તે એક માત્ર ઈસ્લામ હોઈ શકે છે...હું મુહમ્મદના ધર્મને તેની અદ્‌ભુત જીવંતતાના કારણે ખૂબ આદરભાવથી જોઉં છું. આ એક માત્ર એવો ધર્મ છે, જે જીવનના પરિવર્તિત થતા તબક્કાની આવશ્યકતાઓને પહોંચી વળવાનું સામર્થ્ય ધરાવે છે, જે પ્રત્યેક યુગમાં પોતાનું સામર્થ્ય પુરવાર કરી શકે છે. મેં તેનો અભ્યાસ કર્યો છે—એક અદ્‌ભુત વ્યક્તિ અને મારા મંતવ્ય પ્રમાણે ખ્રિસ્તી-વિરોધી હોવા કરતાં, તેમને માનવતાના ઉદ્ધારક કહેવા જોઈએ. હું માનું છું કે જો તેના સમાન કોઈ વ્યક્તિને આજના આધુનિક યુગના સરમુખત્યાર સમજી લેવામાં આવે તો તે એવી રીતે જગતની સમસ્યાઓનો ઉકેલ શોધવામાં સફળ થશે કે જે શાંતિ અને સલામતી લઈને આવશે. હું મુહમ્મદની આસ્થા વિશે આગાહી કરૂં છું કે આવતા સમયમાં યુરોપમાં તે સ્વીકાર્ય હશે, જેમ કે આજે તેનો સ્વીકાર થઈ રહ્યો છે." (The Genuine Islam, Vol. 1, No. 8, 1936)


HOTLINE
+971 56 204 2045
islamicicdxb
islamicic.com
info@islamicic.com
+971 4 355 5223
DOWNLOAD GUJRATI FLYER
www.iicdxb.com/gujrati


CONTENTS



ઇસ્લામ
સંક્ષિપ્ત પરિચય
મુહમ્મદ
કુર્આન
ઇસ્લામ
સ્ત્રીઓના અધિકારો
મૃત્યુ અને પરલોકનું જીવન
એકેશ્વરવાદ
વ્યાજનું વિષચક્ર



માનવ-જાતિ માટે અંતિમ દિવ્ય સંદેશ
કુર્આન
GUJRATI
(03/08)
القرآن
FREE COPY
“બહુ જોરાવર, બહુ જાણનાર અલ્લાહ (ઈશ્વર)ના તરફથી આ પુસ્તકનું ઉતરાણ થયું છે.” (કુર્આન - ૪૦:૨)
“અમે તારી ભાષામાં કુર્આન ને આસાન કરી દીધુ છે જેથી લોકો સમજે” (કુર્આન - ૪૪ : ૫૮)
“આ (કુર્આન) સર્વ જગતો માટે નસીહત માત્ર છે.” (કુર્આન - ૬૮:૫૨)
Dar Al Ber Society
www.daralber.ae
الإمارات
THE EMIRATES
Your Path To Peace..
مركز المعلومات الإسلامي
Islamic Information Center
تصريح رقم
(2017/139)
دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department
www.islamicic.com


CONTENTS























# કુર્આન શું છે ?

## ઈશવાણી

કુર્આન અક્ષરે-અક્ષર ઈશ્વર (અરબીમાં અલ્લાહ)ની વાણી છે, જેનું અવતરણ દેવદૂત જિબ્રઈલ (Gabiel) દ્વારા ઈશદૂત મુહમ્મદ (સલ્લ.) ઉપર કરવામાં આવ્યું હતું.

**"આ ગ્રંથનું અવતરણ અલ્લાહ (ઈશ્વર), અત્યંત પ્રભુત્વશાળી, તત્ત્વદર્શી તરફથી છે."** (કુર્આન, ૩૯:૧)

## માનવ-જાતિ માટે માર્ગદર્શન

કુર્આન **"લોકો માટે માર્ગદર્શન... અને સત્ય-અસત્ય વચ્ચે ભેદ કરનાર..."**

(કુર્આન, ૨:૧૮૫) છે.

તે માનવ-જાતિને, સાચું શું છે અને ખોટું શું છે તેના વચ્ચે ભેદ નક્કી કરવામાં મદદ કરે છે, જેના વગર માનવી વાસ્તવમાં નુકસાનમાં હોત.

## અંતિમ દિવ્ય પ્રકાશના

કુર્આન સર્વશક્તિમાન અલ્લાહ (ઈશ્વર) તરફથી અંતિમ દિવ્ય પ્રકાશના છે, જે અગાઉના દિવ્ય ગ્રંથોમાંથી જે અક્ષરસઃ સાચું છે તેની પુષ્ટિ કરે છે, અને આ ગ્રંથોના હાલના સંસ્કરણોમાં જે કંઈ ઉપજાવી કાઢેલું અને ઉમેરાયેલું જોવા મળે છે તેનું ખંડન કરે છે અને તેને સુધારે છે.

**"હે ગ્રંથવાળાઓ! એ વસ્તુને માનો જે અમે અવતરિત કરેલ છે, જે એ વાતની પુષ્ટિ કરે છે, જે સ્વયં તમારા પાસે છે..."** (કુર્આન, ૪:૪૭)

# કુર્આનનું અવતરણ કેવી રીતે થયું ?

કુર્આન ઈશદૂત મુહમ્મદ (સલ્લ.) ઉપર અવતરિત કરવામાં આવ્યું અને તે જે ભાષા (અરબી)માં અવતરિત થયું હતું એ જ ભાષામાં અત્યારે પણ ઉપલબ્ધ છે. જો કે કુર્આનના અર્થઘટન દર્શાવતા અનુવાદો વિભિન્ન ભાષાઓમાં ઉપલબ્ધ છે.

કુર્આન એકી સાથે એક પુસ્તકના રૂપમાં અવતરિત કરવામાં આવ્યું નથી; બલ્કે તેનું અવતરણ ૨૩ થી વધારે વર્ષોના ગાળામાં ફેલાયેલું છે.

આ કારણસર, કુર્આનને યોગ્ય રીતે સમજવા માટે તેની આયતો (શ્લોકો) કઈ પરિસ્થિતિમાં અવતરિત થઈ એ જાણવું આવશ્યક છે; નહિં તો તેની શિક્ષાઓ અંગે ગેરસમજ ઊભી થઈ શકે છે.

CONTENTS






# તે ઈશ્વર તરફથી છે તેની ખબર મને કેવી રીતે પડે ?

કુર્આન એક માત્ર એવો ધર્મ-ગ્રંથ છે, જેનું પ્રકાશન ખૂબ લાંબા સમયગાળાથી થતું રહ્યું છે, અને તેના અવતરણના દિવસ જેટલો જ અત્યારે પણ તે શુદ્ધ અને પવિત્ર છે. ૧૪૦૦ થી પણ વધારે વર્ષ થઈ ગયા તેને અવતરિત થયે, પણ હજુ સુધી કંઈપણ તેમાં ઉમેરાયું નથી, કંઈપણ કાઢી નાખવામાં આવ્યું નથી અને અને તેમાં કોઈ ફેરફાર પણ કરવામાં આવ્યો નથી.

**“આ અનુસ્મરણ (કુર્આન) નિશ્ચિત રૂપે અમે જ અવતરિત કરેલ છે અને અમે સ્વયં તેના રક્ષક છીએ.” (કુર્આન, ૧૫:૯)**

કુર્આનની સુરક્ષા ન માત્ર લેખિત રૂપે કરવામાં આવેલ છે, બલ્કે પુરુષો, સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાનાં હૃદયોમાં પણ તે સુરક્ષિત છે. આજે, લાખો લોકોના મોઢે તેના પ્રથમપૃષ્ઠથી લઈને અંતિમપૃષ્ઠ સુધી કંઠસ્થ છે.

## વૈજ્ઞાનિક ચમત્કારો

કુર્આન આધુનિક વિજ્ઞાનનું વિરોધી નથી, બલ્કે તે તેનું સહાયક છે. કુર્આનના કેટલાક નોંધપાત્ર પાસાઓમાંથી એક એ છે કે તેનાં ઘણાં શ્લોકોમાં વિભિન્ન ક્ષેત્રોમાં રહેલાં તેના અદ્‌ભુત પ્રાકૃતિક દૃશ્યોનું ચોકસાઈપૂર્વકનું વર્ણન જોવા મળે છે : જેમકે ગર્ભવૃદ્ધિનું વિજ્ઞાન, હવામાન-વિજ્ઞાન, ખગોળવિદ્યા, ભૂસ્તરશાસ્ત્ર અને સમુદ્રશાસ્ત્ર. સાતમી સદીથી આજ પર્યંત વૈજ્ઞાનિકોએ તેનાં વિવરણોને અવિશ્વસનીય રૂપે સાચા જોયાં છે.

**“શીઘ્ર જ અમે તેમને અમારી નિશાનીઓ બાહ્ય ક્ષેત્રોમાં બતાવીશું અને સ્વયં તેમના ભીતર પણ, ત્યાં સુધી કે તેમના ઉપર સ્પષ્ટ થઈ જશે કે તે (કુર્આન) સત્ય છે.” (કુર્આન, ૪૧: ૫૩)**


વાસ્તવમાં, કુર્આનમાં વર્ણિત વૈજ્ઞાનિક ચમત્કારોમાંથી ઘણાંની શોધ તો તાજેતરમાં જ ટેકનોલોજિકલ સાધનોના આધુનિક આવિષ્કાર વડે થઈ છે, જેમાંથી કેટલાકનું વર્ણન નીચે કરવામાં આવ્યું છે :


- કુર્આનમાં માનવ-ભ્રૂણની વૃદ્ધિનું વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે. અત્યાર સુધી વૈજ્ઞાનિકો આ વિગતથી અજાણ હતા.


- કુર્આન બતાવે છે કે તારાઓ, ગ્રહો, ચંદ્ર વગેરે ખગોળીય વસ્તુઓ ધૂળનાં વાદળોમાંથી બનેલાં છે. અગાઉ લોકો આ વાત જાણતા નહોતા, પરંતુ આ તથ્ય આધુનિકસૃષ્ટિ-વિજ્ઞાનમાં નિર્વિવાદ સિદ્ધાંત બની ગયો છે.


- આધુનિક વિજ્ઞાને શોધી કાઢ્યું છે કે બે સમુદ્રોને એક-બીજામાં ભળી ગયેલાં જોઈ શકાય છે, પરંતુ તે બંને વચ્ચે વાસ્તવમાં એક અંતરાય કે સીમા છે, જે તેમાં રહેલ ઉષ્ણતામાન, ઘનતા અને ક્ષારને જુદા પાડે છે.


CONTENTS















આજથી ૧૪૦૦ થી વધારે વર્ષ અગાઉ ઈશ્વરની આ નિશાનીઓ કુર્આનમાં સ્પષ્ટ રૂપે વર્ણવવામાં આવી છે.

## અદ્વિતીયતા :

કુર્આનમાં જે પ્રકારનું સૌંદર્ય અને લાવણ્ય, વક્તૃત્વ છટા અને લેખન-શૈલી, વૈભવ અને ભવ્યતા, તત્ત્વદર્શિતા અને વિદ્વતા તથા ભવિષ્યવાણીઓ અને પૂર્ણ લક્ષણો ધરાવે છે તેવું એક પણ પ્રકરણ કે અધ્યાય, તેના અવતરણથી લઈને આજ પર્યંત કોઈ વ્યક્તિ બનાવી શક્યો નથી.

**''અને જો તેના વિશે, જે અમે અમારા ભક્ત ઉપર અવતરિત કર્યું છે, તમે કોઈ સંદેહમાં હોવ તો તેના જેવી એક સૂરઃ (અધ્યાય) લઈ આવો અને અલ્લાહ સિવાય પોતાના સહાયકોને બોલાવી લો, જેમના આવી જવાનો તમને વિશ્વાસ છે, જો તમે સાચા છો.'' (કુર્આન, ૨:૨૩)**

જે લોકો ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)નો ઈન્કાર કરતા હતા, તેઓ આ પડકારને ઝીલી ન શક્યા, જો કે કુર્આનની જે ભાષા (અરબી) હતી તેને તેઓ ખૂબ જ સારી રીતે જાણતા હતા. આ પડકારનો જવાબ આજ સુધી કોઈ આપી શક્યું નથી.

## વિરોધાભાસથી પર :

જ્યારે લોકો લખે છે, તેમનાથી જોડણી (Spelling), વ્યાકરણ (Grammer) વગેરેમાં ભૂલ-ચૂક થઈ જ જાય છે; ક્યારેક તો તેમના લખાણમાં વિરોધાભાસ, ખોટી હકીકતો, માહિતી આપવામાં કંઈક રહી જવું અને જુદા-જુદા પ્રકારની અનેક ભૂલો જોવા છે.

**''શું તેઓ કુર્આન ઉપર ચિંતન-મનન નથી કરતા ? જો આ અલ્લાહ (ઈશ્વર) સિવાય કોઈ અન્ય તરફથી હોત તો નિશ્ચિત રૂપે તેઓ તેમાં ઘણી વિરોધાભાસી વાતો જોતાં.'' (કુર્આન, ૪:૮૨)**

કુર્આનમાં તમને કોઈપણ પ્રકારની ભૂલ-ચૂક કે વિરોધાભાસ જોવા નહીં મળે, ભલે ને તેનો વિષય જળચક્ર હોય, માનવ-ગર્ભની વૃદ્ધિ હોય, ભૂસ્તરશાસ્ત્ર હોય, હવામાન-વિજ્ઞાન હોય કે પછી ઐતિહાસિક તથ્યો અને ઘટનાઓ અને ઈશદૂતોનાં વૃત્તાંતો જ કેમ ન હોય !

## શું આના રચયિતા મુહમ્મદ નથી હોઈ શકતા ?

ઈશદૂત મુહમ્મદ (સલ્લ.) ઈતિહાસમાં એક નિરક્ષર વ્યક્તિ તરીકે ઓળખાતાં હતા; કેમકે તેઓ લખી-વાંચી શકતા નહોતા. તેમણે કોઈપણ ક્ષેત્રમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું નહોતું કે જેનાથી એવું કહી શકાય કે આ ભવ્ય ગ્રંથમાં વર્ણિત ઐતિહાસિક અને વૈજ્ઞાનિક ચોકસાઈ તથા સાહિત્યિક સુંદરતાનું નિરૂપણ તેમણે કર્યું હોય ! કુર્આનમાં આપવામાં આવેલ અગાઉના લોકોના ઐતિહાસિક વૃત્તાંતો અને સભ્યતાનું આલેખન પણ એટલું સરસ છે કે કોઈ વ્યક્તિ એવું લખી શકે નહીં.

**''અને આ કુર્આન એવું નથી કે ઈશ્વર સિવાય કોઈ બીજાએ તેને ઘડી લીધું હોય.'' (કુર્આન, ૧૦:૩૭)**

CONTENTS






# કુર્આન અવતરિત કરવાનો ઉદ્દેશ્ય

## એક સાચા ઈશ્વરમાં માનવું

**"તમારો પૂજ્ય (પ્રભુ) એક જ પૂજ્ય (પ્રભુ) છે, તે પરમ કૃપાળુ અને અત્યંત દયાળુ સિવાય કોઈ પૂજ્ય (પ્રભુ) નથી."** (કુર્આન, ૨:૧૬૩)

કુર્આનમાં ઠેર-ઠેર દર્શાવેલ જે મહત્ત્વનો વિષય છે, એક જ સાચા ઈશ્વરની આસ્થા. ઈશ્વર આપણને કહે છે કે તેનો કોઈ ભાગીદાર નથી, કોઈ પુત્ર નથી, તેના સમાન કે સમકક્ષ કોઈ નથી, અને તેથી તે એકના સિવાય કોઈને પણ પોતાની પૂજા-અર્ચના કે ઉપાસના કરાવવાનો અધિકાર નથી. ઈશ્વરની સાથે કોઈપણ વસ્તુની પણ તુલના કરી શકાય નહીં અને કોઈ તેનાં સર્જનોમાંથી તેના જેવું છે. કુર્આન માનવીય ગુણો અને મર્યાદાઓને ઈશ્વર સાથે જોડવાની પણ મનાઈ કરે છે.

## તમામ જૂઠા ઈશ્વરોનો ઈન્કાર

**"અલ્લાહ (ઈશ્વર)ની બંદગી કરો અને તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો."** (કુર્આન, ૪:૩૬)

જ્યારે કે એક માત્ર ઈશ્વર જ પૂજા-અર્ચના અને બંદગીને લાયક છે, તો પછી તમામ ખોટા અને મિથ્યા દેવતાઓ અને ઈશ્વરોનો ઈન્કાર કરી દેવો જોઈએ. કુર્આન ઈશ્વર સિવાય કોઈપણ વ્યક્તિ કે વસ્તુમાં ઈશ્વરીય ગુણો અને વિશેષતાઓ હોવાનું પણ ખંડન કરે છે.

## ભૂતકાળના બનાવોનું વર્ણન

કુર્આનમાં આદમ(Adam), નૂહ (Noah), ઈબ્રાહીમ (Abraham), ઈસા (Jesus) અને મૂસા (Moses) જેવા અગાઉના ઈશદૂતોના સાચા બનાવો સહિત ઘણાં ઉપયોગી અહેવાલો આપવામાં આવ્યા છે. આ બધા બનાવો વિશે ઈશ્વર ફરમાવે છે: **"નિશ્ચિત રૂપે તેમની કથાઓમાં બુદ્ધિ અને સમજ રાખનારાઓ માટે એક શિક્ષાપ્રદ સામગ્રી છે..."** (કુર્આન, ૧૨:૧૧૧)


## ન્યાયના દિવસનું સ્મરણ:


આ ઉમદા ગ્રંથ આપણને યાદ દેવડાવે છે કે દરેક વ્યક્તિએ મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે અને પોતાનાં કર્મો માટે તે જવાબદાર છે, અને કહે છે, **"અમે ન્યાયના દિવસે (કર્મોનું) સાચેસાચું વજન કરનારાં ત્રાજવા મૂકી દઈશું, જેથી કોઈ વ્યક્તિ ઉપર અણુ બરાબર પણ અન્યાય નહીં થાય. જે કોઈનું રાઈના દાણા બરાબર પણ કંઈ કર્યુ-કરાવ્યું હશે તેને અમે સામે લઈ આવીશું અને હિસાબ કરવા માટે અમે પર્યાપ્ત છીએ."** (કુર્આન, ૨૧:૪૭)


## જીવન-માર્ગના ઉદ્દેશ્યની પૂર્તિ


સૌથી મહત્ત્વની વાત, જે કુર્આન શિખવે છે, તે એ છે કે જીવનનો હેતુ એક ઈશ્વરની ઉપાસના છે અને દરેક વ્યક્તિએ પોતાનું જીવન તેણે નિર્ધારિત કરેલ જીવન-માર્ગ અનુસાર વિતાવવું જોઈએ. ઈસ્લામમાં ઉપાસનાની પરિભાષા વ્યાપક અને સર્વગ્રાહી છે, જેમાં એવી તમામ કરણી અને કથનીનો સમાવેશ થાય છે જેને ઈશ્વર પ્રિય રાખે છે અને જેનાથી તે પ્રસન્ન થાય છે. તેથી એક મુસ્લિમ, જો ઈશ્વરના આદેશો અનુસાર કાર્ય


CONTENTS















કરે તો તે ઈશ્વરની ઉપાસના કરી રહ્યો છે અને પોતાના જીવનના હેતુને પરિપૂર્ણ કરી રહ્યો છે. કુર્આનમાં પૂજા-અર્ચના અને ઉપાસનાના અનેક ઉદાહરણો આપવામાં આવ્યા છે :

- પ્રાર્થના કરવી : **"હે આસ્થા ધરાવનારાઓ ! નમન કરો અને સિજદો કરો અને પોતાના પ્રભુ-પાલનહારની ઉપાસના કરો, અને ભલાઈ કરો, જેથી તમે સફળ થાઓ."** (કુર્આન, ૨૨:૭૭)
- દાન આપવું : **"...અને (ઈશમાર્ગમાં) ખર્ચ કરો, આ તમારા મન માટે સારું છે. જેઓ પોતાના હૃદયની સંકુચિતતાથી બચી ગયા, તેઓ જ સફળ છે."** (કુર્આન, ૬૪:૧૬)
- પ્રમાણિક બનવું : **"અસત્યનો રંગ ચઢાવીને સત્યને શંકાસ્પદ ન બનાવો, અને ન સત્યને છૂપાવો જ્યારે કે તેને તમે જાણતા હોવ."** (કુર્આન, ૨:૪૨)
- શીલવાન બનવું : **"આસ્થા રાખનાર પુરુષોથી કહી દો કે પોતાની નજરો બચાવીને રાખે અને પોતાના શીલની રક્ષા કરે.... અને આસ્થા રાખનાર સ્ત્રીઓથી કહી દો કે પોતાની નજરોને બચાવીને રાખે અને પોતાના શીલની રક્ષા કરે..."** (કુર્આન, ૨૪:૩૦-૩૧)
- કૃતજ્ઞ બનવું : **"ઈશ્વરે તમને તમારી માતાઓની કૂખેથી એ સ્થિતિમાં કાઢ્યા કે તમે કંઈ જ નહોતા જાણતા. તેણે તમને કાન, આંખો અને હૃદય આપ્યા, જેથી તમે કૃતજ્ઞતા દર્શાવો (અર્થાત્ આભારી બનો)"** (કુર્આન, ૧૬:૭૮)
- ન્યાયી બનવું : **("હે આસ્થા રાખનારાઓ ! ન્યાય માટે મક્કમતાથી ઊભા થઈ જાઓ, અલ્લાહ માટે ગવાહી આપનાર બનો, ચાહે તે તમારા પોતાના અથવા માતા-પિતા અને સગા-વહાલાઓના વિરુદ્ધ જ કેમ ન હોય; ચાહે કોઈ ધનવાન હોય કે નિર્ધન... તો તમે પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને ન્યાયથી ન હટો...")** (કુર્આન, ૪:૧૩૫)
- શાંત રહેવું, ધૈર્ય રાખવું : **"અને ધૈર્ય રાખો, નિશ્ચિત રૂપે ઈશ્વર સુકર્મીઓનો બદલો વ્યર્થ જવા દેતો નથી."** (કુર્આન, ૧૧:૧૧૫)
- સત્કર્મો કરો : **"જે લોકો આસ્થા લાવ્યા અને તેમણે સત્કર્મો કર્યા, તેમનાથી ઈશ્વરનો વાયદો છે કે તેમના માટે ક્ષમા અને બહોળું પ્રતિદાન છે."** (કુર્આન, ૫:૯)

## સમાપન

ટૂંકમાં, કુર્આન માનવ-જાતિને એક સાચા ઈશ્વરની બંદગી અને ઉપાસના કરવાની શિક્ષા આપે છે, જેથી તેમના જીવનનો હેતુ સિદ્ધ થઈ શકે અને તેઓ આલોક અને પરલોકમાં સફળતાને વરી શકે.

**"નિશ્ચિત રૂપે અમે લોકો ઉપર સત્યની સાથે તમારા ઉપર ગ્રંથ અવતરિત કર્યો છે. તેથી જેણે સન્માર્ગ અપનાવ્યો તો તે પોતાના માટે જ, અને જે પથભ્રષ્ટ થયો, તો તે ભટકીને પોતાને જ નુકસાન પહોંચાડે છે. તમે તેના માટે ઉત્તરદાયી નથી."** (કુર્આન, ૩૯:૪૧)

શું તમને નથી લાગતું કે આ ઉમદા ગ્રંથને એક વાર તો વાંચવો જોઈએ?


HOTLINE
+971 56 204 2045
islamicicdxb
islamicic.com
info@islamicic.com
+971 4 355 5223
DOWNLOAD GUJRATI FLYER
www.iicdxb.com/gujrati

## CONTENTS


ઇસ્લામ સંક્ષિપ્ત પરિચય

મુહમ્મદ

કુર્આન

ઇસ્લામ વિશેની ગેરસમજો ભાગ-૧

ઇસ્લામમાં સ્ત્રીઓના અધિકારો

મૃત્યુ અને પરલોકનું જીવન ઇસ્લામી દ્રષ્ટીકોણ

એકેશ્વરવાદ

વ્યાજનું વિષચક્ર


# ઇસ્લામ
## વિશેની ગેરસમજો
### ભાગ-૧

GUJRATI | (04/08) مفاهيم خاطئة حول الإسلام | FREE COPY

તમે **ખરેખર**
શું જાણો છો ?


Dar Al Ber Society
www.daralber.ae

الإمـــارات
THE EMIRATES

*Your Path To Peace..*


مركز المعلومات الإسلامي
Islamic Information Center


تصريح رقم
(2017/139)


دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department

www.islamicic.com

CONTENTS




















# પરિચય

શું તમને ક્યારેય પણ આશ્ચર્ય થાય છે કે એક સાધ્વી પોતાના શરીરને માથાથી પગના અંગૂઠા સુધી વસ્ત્રોથી ઢાંકીને પોતાને ઈશ્વરને સમર્પિત કરે છે તો તેના કારણે તેની પ્રતિષ્ઠા અને માન-સન્માનમાં વધારો થાય છે, પરંતુ જ્યારે એક મુસ્લિમ મહિલા પોતાના શરીરને આ રીતે ઢાંકે છે તો તેને 'પીડિત' અને 'શોષિત' (Oppressed) કહેવામાં આવે છે ? અથવા કોઈ હિંદુ, શીખ અથવા યહૂદી, ખ્રિસ્તી કે અન્ય ધર્મની વ્યક્તિ દાઢી રાખીને પોતાની શ્રદ્ધાને વ્યક્ત કરી શકે છે અને પોષી શકે છે, પણ કોઈ મુસ્લિમ આવું કરે તો તેને 'રૂઢિવાદી' (Fundamentalist) અને 'અંતિમવાદી' (Extremist) ગણવામાં આવે છે ?

પશ્ચિમી દેશો અને તેની સાથે ભારત સહિત પૂર્વના દેશોમાં ઈસ્લામ અને મુસ્લિમો વિશે ઘણી ગેરસમજો પ્રવર્તે છે. ઘણાં એવું માને છે કે પશ્ચિમી સભ્યતા અને અન્ય વિચારધારાને અનુસરતા લોકો સુધરેલા, સંસ્કારી અને ઉદારમતવાદી છે; જ્યારે ઈસ્લામ એમનાથી વિપરીત જુનવાણી, અજ્ઞાની અને અણઘડ તથા દમનકારી છે. આવું માનવાનું એક કારણ એ છે કે પ્રચાર-પ્રસારનાં માધ્યમો હંમેશા મુસ્લિમોની છબીને ઈસ્લામી શિક્ષાઓથી વિરુદ્ધ પ્રસ્તુત અને પ્રચલિત કરતા રહ્યા છે. થોડાંક મુસલમાનોના કૃત્યો જોઈને ઈસ્લામ અને મુસ્લિમોને સમજવાનો પ્રયત્ન કરવો એ સાચી રીત નથી, બલ્કે સાચી રીત એ છે કે બીબાઢાળ પ્રચારથી દૂર રહીને દરેક પરિસ્થિતિની ઈસ્લામી શિક્ષાઓના પ્રકાશમાં ચકાસણી કરવામાં આવે.

આ સંદર્ભમાં જ અહીં કેટલીક પ્રવર્તમાન ગેરસમજો વિશે ચર્ચા કરીશું.

### ગેરસમજ નંબર : ૧


## બુરખો અત્યાચાર અને દમન છે


વાસ્તવમાં બુરખો કે પરદો છે શું ? પરદાની વાત કરીએ તો, ખરેખર તે મુસ્લિમ સ્ત્રીએ પોતાના શરીરને સુસભ્ય વસ્ત્રોથી ઢાંકવાનું નામ છે. તેનાથી તેમના શરીરનું બાહ્યરૂપ કે અંગો અને આકાર અપરિચિત પુરુષોની સામે જાહેર થતાં નથી. તેમ છતાં, બુરખા કે પરદામાં કાંઈ માત્ર બાહ્ય દેખાવનો જ સમાવેશ થતો નથી; બલ્કે તેમાં સભ્ય અને શિષ્ટ વાણી, સ્વાભિમાની અને ગૌરવાન્વિત વર્તણુંક તથા વિનય-વિવેક અને શીલ-મર્યાદા પણ સામેલ છે. કાંઈ કહેવાની જરૂર નથી કે આવી રીતભાત અને શિષ્ટાચાર પુરુષો માટે પણ આવશ્યક છે.


બુરખો કે પરદો મુસ્લિમ સ્ત્રીઓને સંપત્તિ વસાવવા, શિક્ષણ પ્રાપ્ત કરીને કારકિર્દીનું ઘડતર કરવા કે પતિને પસંદ કરવા, પોતાના વિચારો અને મંતવ્યો વ્યક્ત કરવા પર પ્રતિબંધ મૂકતો નથી. બુરખો વાસ્તવમાં ગૌરવ અને માન-સન્માન અને સમર્થતાનો દૃષ્ટિકોણ અને વર્તન છે. તે બાંહેધરી આપે છે કે સ્ત્રીને તેના આંતરિક-આધ્યાત્મિક સૌંદર્ય અનુસાર જોવામાં આવશે, નહિં કે તેના બાહ્ય ઉપરછલ્લા દેખાવથી. બુરખો તેને સ્વતંત્રતા બક્ષે છે અને તેની પ્રતિષ્ઠામાં ઓર વધારો કરે છે, અને તકાદો કરે છે કે તેનું આંકલન તેની લૈંગિકતા કે જાતીયતાથી નહિં, બલ્કે તેની બુદ્ધિ અને સમજદારીના આધારે થવું જોઈએ.

મુસ્લિમ મહિલાઓ બુરખો પહેરે છે તેનું કારણ માત્ર એ છે કે અલ્લાહે

CONTENTS





















(ઈશ્વરે) બંદગી માટે તેને તેમના ઉપર અનિવાર્ય ઠેરવ્યું છે, કેમકે ઈશ્વરને ખબર છે કે પોતાના સર્જનો માટે સૌથી સારું શું છે.

બુરખો સ્ત્રીને પોતાના ગૌરવ અને સ્વાભિમાનને જાળવીને સમાજમાં સક્રિય સભ્ય બનવાની આઝાદી આપે છે. એક સ્ત્રીનો બુરખો વાસ્તવમાં જાહેર પ્રજા માટે છે, જ્યારે તે પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે હોય ત્યારે બુરખો પહેરવો જરૂરી નથી.

> **"હે પયગંબર ! પોતાની પત્નીઓ અને પોતાની પુત્રીઓ અને ઈમાનવાળી સ્ત્રીઓને કહી દો કે તેઓ પોતાના ઉપર પોતાની ચાદરોનો અમુક ભાગ લટકાવી રાખે (જ્યારે તેઓ બહાર જાય અથવા અજાણ્યા પુરુષો વચ્ચે હોય). આ તેમના માટે વધારે સારું છે, એટલા માટે કે આનાથી શક્ય છે કે તેમને ઓળખી લેવામાં આવે (કે આ શુદ્ધ અને ચરિત્રવાન સ્ત્રી છે) અને સતાવવામાં ન આવે."**
> **(કુર્આન, ૩૩:૫૯)**

પરદો દમન, અન્યાય અને અત્યાચાર કે મૌનનું પ્રતીક નથી. સંભવતઃ તે માનભંગ કરનાર ટિપ્પણીઓ, અનિચ્છનીય આધુનિકતા અને અનુચિત ભેદભાવ સામે કવચ છે. આજે જેટલા લોકો ઈસ્લામનો સ્વીકાર કરી રહ્યા છે, તેમાંથી ૭૫% મહિલાઓ છે ! જે ધર્મ દમનકારી હોય તેમાં તમે દાખલ થશો ?? તેથી.., હવે જ્યારે તમે કોઈ મુસ્લિમ સ્ત્રીને જુઓ, તો ધ્યાનમાં રાખો કે તેણે પોતાના બાહ્યરૂપને ઢાંક્યું છે, નહિં કે પોતાના મગજ કે બુદ્ધિને !

### ગેરસમજ નંબર : ૨

## ઈસ્લામ સ્ત્રીઓનું શોષણ કરે છે ?

સૌથી વધારે વિક્ષુબ્ધ કરે એવી અને અસ્વાભાવિક કોઈ ગેરસમજ હોય તો તે છે ઈસ્લામમાં સ્ત્રીનું નકારાત્મક ચિત્રાંકન – જેમકે ઈસ્લામ સ્ત્રીને ઊતરતી ગણે છે અને તેનું શોષણ કરે છે ! ઈસ્લામી શિક્ષા અનુસાર, ઈશ્વરની નજરમાં મનુષ્યોમાં ભેદ કરનાર એક માત્ર ઓળખ જો કોઈ હોય તો તે છે મનુષ્યની નૈતિકતા અને ઈશ્વર પ્રત્યે તેની નિષ્ઠા.

> **"વાસ્તવમાં અલ્લાહની નજરમાં તમારા માંથી સૌથી વધારે પ્રતિષ્ઠિત એ છે, જે તમારામાં સૌથી વધારે ધર્મનિષ્ઠ છે."**
> **(કુર્આન - ૩૩:૫૯)**

કુર્આનની બાજુની આયત સિદ્ધ કરે છે કે સાચા સન્માન અને પ્રતિષ્ઠાનો આધાર, વ્યક્તિ શ્રીમંત છે કે ગરીબ, કાળી છે કે ગોરી, પુરુષ છે કે સ્ત્રી તે નથી; બલ્કે તેની ઈશપરાયણતા અને ધાર્મિકતા છે. તેથી એ જાણીને સહેજપણ આશ્ચર્ય ન થવું જોઈએ કે પ્રત્યેક એક પુરુષે ચાર સ્ત્રીઓ ઈસ્લામનો સ્વીકાર કરી રહી છે. સ્ત્રીઓ દ્વારા ઈસ્લામ સ્વીકારના આ બહોળા પ્રમાણનાં કારણોમાં એ અધિકારોનો પણ ફાળો છે જે ઈસ્લામે સ્ત્રીઓને આપ્યા છે, જે નીચે દર્શાવેલ છે :

- પોતાની સંપત્તિ ઉપર પૂર્ણ અધિકાર,
- પતિની પસંદગીનો અધિકાર.

- પરણ્યા પછી પોતાની અટક રાખવાનો અધિકાર.
- મિલ્કત ધરાવવાનો અધિકાર, વેપાર-ધંધો કરવાનો.
- શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર.
- સમાન કામ માટે સમાન પગાર મેળવવાનો અધિકાર.
- વારસામાં મિલ્કત મેળવવાનો અધિકાર.
- અવગણના અને અનાદર તથા ભરણ-પોષણમાં કમી અને ગેરવર્તણુંકના મામલામાં લગ્ન-વિચ્છેદનો અધિકાર.
- પુરુષોની જેમ બંદગીના દરેક સ્વરૂપમાં ભાગ લેવાનો અધિકાર.

**સ્ત્રીઓના આ અધિકારો, જે પશ્ચિમી દેશો અને દુનિયામાં બીજી ઘણી જગ્યાએ હજુ આપવામાં આવ્યા નથી, તે ૧૪૦૦ વર્ષ અગાઉ ઇસ્લામે, બીજા ઘણાં અધિકારોની સાથે બાહંધરીપૂર્વક આપી દીધા છે.**

**"જેણે પણ સત્કર્મો કર્યા, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, જો તે ઈમાનવાળો કે ઈમાનવાળી હોય તો, અમે તેને અવશ્ય શુદ્ધ અને પવિત્ર જીવન જીવાડીશું અને (પરલોકમાં) તેમને અમે તેમણે કરેલાં શ્રેષ્ઠ કર્મો અનુસાર ચોક્કસપણે બદલો આપીશું." (કુર્આન, ૧૬:૯૭)**

તેમ છતાં, એ વાત સાચી છે કે એવી ઘણી મુસ્લિમ મહિલાઓ પણ છે, જેમનું શોષણ કરવામાં આવે છે અને તેમનાં અધિકારો હજુ આપવામાં આવ્યા નથી. જો કે આમાં ઇસ્લામનો કોઈ દોષ નથી. મુશ્કેલી એ છે કે દુનિયામાં ઘણી જગ્યાઓએ સભ્યતા અને પરંપરાઓના કારણે ઇસ્લામી શિક્ષાઓ પ્રભાવિત થઈ છે; કાં તો અજ્ઞાનતાવશ અથવા હાનિકારક પ્રસ્થાપિત સાંસ્કૃતિક રીત-રસમોને કારણે.

જ્યાં એક તરફ ઇસ્લામ સ્ત્રીઓને અધિકારો પ્રદાન કરે છે, ત્યાં એ વાસ્તવિકતાનો પણ સ્વીકાર કરે છે કે પુરુષ અને સ્ત્રી બંને સમરૂપ અને સરખાં લક્ષણોવાળાં નથી.


**અલ્લાહ ફરમાવે છે... 'અને નર (પુરુષ) એ માદા (સ્ત્રી)ની જેમ નથી હોઈ શકતો.' (કુર્આન, ૩:૩૬)**


**તેથી ઇસ્લામે, પુરુષો અને સ્ત્રીઓ માટે ભિન્ન-ભિન્ન આદેશો ફરમાવેલા છે, જે આ બિનવિવાદાસ્પદ હકીકતનું પ્રતિબિંબ પાડે છે. સ્ત્રીઓને સન્માનની સાથે પરિવાર અને ઘરના આખા તંત્રને સંભાળવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે પુરુષના શિરે કુટુંબ અને ઘરની વ્યવસ્થા માટે નાણાંકીય સહયોગ, સંરક્ષણ અને ભરણ-પોષણની જવાબદારી મૂકવામાં આવી છે.**


ટૂંકમાં, ઇસ્લામમાં સ્ત્રીના ગૌરવશાળી સ્થાન અંગે પયગંબર હઝરત મુહમ્મદ (અલ્લાહ તેમના ઉપર શાંતિ અને સલામતીની વર્ષા કરે)નું નિમ્ન-લિખિત ઉક્તિ સર્વથા ઉચિત રહેશે:

**"દુનિયાનો સર-સામાન થોડા સમય માટે છે, અને તેમાં સૌથી વધારે મૂલ્યવાન સદાચારી અને ગુણીયલ સ્ત્રી છે." (મુસ્લિમ)**

CONTENTS



























CONTENTS





















### ગેરસમજ નંબર : ૩

# મુસલમાનો અલ્લાહ નામના નવા ઈશ્વરની ઉપાસના કરે છે :

કેટલાક બિનમુસ્લિમો ખોટી રીતે એવું માને છે કે મુસ્લિમો યહૂદીઓ અને ખ્રિસ્તીઓ તથા અન્ય સનાતન ધર્મીઓથી અલગ કોઈ ઈશ્વરની ઉપાસના કરે છે. તે એ હકીકતના કારણે હોઈ શકે કે તેઓ ક્યારેક ઈશ્વરનો ઉલ્લેખ 'અલ્લાહ' તરીકે કરે છે. વાસ્તવમાં મુસલમાનો પયગંબરો નૂહ, અબ્રાહમ(ઈબ્રાહીમ), મોસિસ (મૂસા) અને જિસસ (ઈસા)ના ઈશ્વરની બંદગી કરે છે. 'અલ્લાહ' શબ્દ અરબી ભાષામાં સર્વશક્તિમાન ઈશ્વર માટે વપરાય છે - જે પૂર્ણ શુદ્ધ અને સમૃદ્ધ અર્થમાં અરબી શબ્દ છે તથા એક અને કેવળ એક જ ઈશ્વરનું સૂચન કરે છે. અરબી બોલતા ખ્રિસ્તીઓ અને યહૂદીઓ ઈશ્વરને સંબોધવા માટે જે શબ્દ વાપરે છે તે 'અલ્લાહ' જ છે. જો તમે ખ્રિસ્તી બાઇબલ (ઈંજિલ)નો અંગ્રેજી અનુવાદ જોશો તો અંગ્રેજીમાં જ્યાં 'God' (ઈશ્વર) શબ્દ પ્રયુક્ત થયો છે ત્યાં 'અલ્લાહ' શબ્દ મળશે.

આમતો મુસ્લિમો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ તથા અન્ય સનાતન ધર્મીઓ એક જ ઈશ્વર (સર્જનહાર)માં માને છે, છતાં ઈશ્વર વિશેની તેમની ધારણાઓ અને વિચારો ઘણાં જુદા પડે છે. જેમકે, મુસ્લિમો ઈશ્વરના ભાગીદાર હોવાના કે તેના સમકક્ષ કોઈના હોવાના વિચાર અને ધારણાનું ખંડન કરે છે, અને એ વાતનો પણ ઈન્કાર કરે છે કે ઈશ્વર ત્રણમાંનો એક છે. તેઓ સર્વશક્તિમાન ઈશ્વરને જ પૂર્ણ અને સર્વગુણ-સંપન્ન સમજે છે. ઈસ્લામએ વાતનું પણ ખંડન કરે છે કે ઈશ્વર અવતાર લે છે.

### ગેરસમજ નંબર : ૪


# ઇસ્લામ આતંકવાદની પુષ્ટિ કરે છે :


પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા બીબાઢાળ સ્વરૂપે અવિરત પ્રચલિત અને પ્રચારિત કરવામાં આવતી ઈસ્લામ વિશેની સંભવતઃ આ મોટામાં મોટી ગેસરમજ છે. માધ્યમો કોઈપણ મુસ્લિમને 'આતંકવાદી'ના રૂપમાં ચિત્રાંકન કરી નાખે છે, ચાહે તેની લડત ન્યાયોચિત હોય કે ન હોય, ચાહે તે કોઈના પર દમન કરતો હોય કે તે સ્વયં અત્યાચારનો ભોગ બનતો હોય. આ જોતાં મનમાં એ પ્રશ્ન થાય છે કે શું ખરેખર ઈસ્લામઆતંકવાદને પ્રોત્સાહન આપે છે ? કદાપિ નહીં ! ઈસ્લામ મૂર્ખતાપૂર્ણ અને ભ્રમિત કરનારાં 'કથિત' ધાર્મિક કૃત્યો, જે નિર્દોષ લોકોને ભોગ બનાવે, તેની મનાઈ કરે છે અને કડક રીતે તેનું ખંડન કરે છે.


અલબત્ત, શોષણ અને દમન, અત્યાચાર અને અન્યાય તેમજ માનહાનિના કોઈપણ સ્વરૂપ સામે ઈસ્લામ ચૂપ નથી રહેતો – કોઈપણ ધર્મ કે સભ્યતા જો આવી પરિસ્થિતિમાં પણ ચૂપ રહે તો તેનું અસ્તિત્વ બાકી નહીં રહે – પરંતુ અસુરક્ષિત સ્ત્રીઓ, પુરુષો અને બાળકો પરના હુમલાઓને ઈસ્લામ નિશ્ચિત રૂપે કદી માફ કરતો નથી.

**''અલ્લાહ (ઈશ્વર)ના માર્ગમાં એ લોકોથી લડો, જે તમારાથી લડે, પરંતુ અતિરેક ન કરો. નિઃશંક, અલ્લાહ (ઈશ્વર) અતિરેક કરનારાઓને પસંદ કરતો નથી''**
**(કુર્આન - ૨:૧૯૦)**

CONTENTS






















યુદ્ધ સમયે પણ ઈસ્લામ કડક નિયમો અને કાયદાઓ આપે છે. જેમકે, મુસ્લિમો સાથે શાંતિ-કરારથી જોડાયેલા લોકો, યુદ્ધમાં ભાગ ન લેનાર લોકો, સ્ત્રીઓ, બાળકો, સેવકો અને નોકર-ચાકરો, અંધજનો અને મૂક-બધીર લોકો, વૃદ્ધો, લડી ન શકે તેવા અસમર્થ લોકો તથા માનસિક રોગીઓને નુકસાન પહોંચાડવા કે તેમને કતલ કરવાની ઈસ્લામ પરવાનગી આપતો નથી. હકીકત એ છે કે મુસ્લિમોને યુદ્ધ સમયે ખેતી અને પાકને તથા વનસ્પતિને પણ હાનિ પહોંચાડવાની પરવાનગી નથી ! આ ઉમદા નીતિમત્તા હતી, અને આજે પણ તે અભૂતપૂર્વ રૂપે કોઈપણ સૈન્ય પર લાગુ છે જ.

કુર્આન કોઈપણ નિર્દોષ વ્યક્તિની હત્યાની ગંભીરતાનું સ્પષ્ટ રૂપે નિદર્શન કરે છે, અને માનવ-જીવનના મૂલ્ય ઉપર ભાર મૂકે છે. તેની સાથે ઈસ્લામ પ્રત્યેક મુસ્લિમને અન્ય ધર્મને માનનારાં લોકો સાથે કરુણા, સહાનુભૂતિ અને સહિષ્ણુતાથી વર્તવાનો આદેશ આપે છે.

**''જેણે કોઈ વ્યક્તિની હત્યાના બદલામાં કે ધરતી ઉપર બગાડ અને ઉપદ્રવ ફેલાવવા સિવાય કોઈ અન્ય કારણસર કોઈને મારી નાખ્યો તો તેણે જાણે સમગ્ર માનવ-જાતને મારી નાખી, અને જેણે કોઈને જીવન પ્રદાન કર્યું તો તેણે જાણે સમગ્ર માનવ-જાતને જીવન પ્રદાન કર્યું.''**
**(કુર્આન - ૫:૩૨)**

**''અલ્લાહ (ઈશ્વર) તમને એ વાતથી નથી રોકતો કે તમે તે લોકો સાથે સદાચાર અને ન્યાયનું વર્તન કરો જેમણે ધર્મના મામલામાં તમારાથી યુદ્ધ કર્યું નથી અને તમને તમારા ઘરોમાંથી કાઢ્યા નથી. અલ્લાહ (ઈશ્વર) ન્યાય કરનારાઓને પસંદ કરે છે.''**
**(કુર્આન - ૬૦:૮)**

કુર્આનના આટલાં સ્પષ્ટ આદેશોને વાંચ્યા પછી, આતંકવાદીઓ જે કંઈ કરે છે તેને માટે ઈસ્લામને કેવી રીતે આરોપિત કરી શકાય ?

## સમાપન :

લોકોના સહજ જ્ઞાન અને મૌલિકતાની સામે ઈસ્લામને એક અજાણ્યા અને વિદેશી ધર્મ તરીકે ચિતરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે. ઈસ્લામને સમજવા માટે આટલું જરૂર યાદ રાખો :

- આવી ગેરસમજો અને જૂઠાણાંઓને પ્રચારિત કરવાથી લાભ કોને થાય છે, તે જુઓ.
- બીજા લોકોના મુખેથી અને પ્રચાર-પ્રસારના માધ્યમોથી સાંભળ્યા પછી, તેનાથી વિપરીત શું તમે સ્વયં તમારી રીતે ઈસ્લામનો અભ્યાસ કર્યો છે ખરો તેના વિશે વિચારો.
- જો ઈસ્લામ ખરેખર પાશવી, અમાનુષી અને નિષ્ઠુર-ક્રૂર ધર્મ હોત તો શું વિશ્વમાં લાખો લોકો ઈસ્લામે અપનાવે ખરા ?

HOTLINE
+971 56 204 2045
islamicicdxb
islamicic.com  info@islamicic.com  +971 4 355 5223
DOWNLOAD GUJRATI FLYER
www.iicdxb.com/gujrati

## CONTENTS




ઈસ્લામમાં

# સ્ત્રીઓના અધિકારો

GUJRATI | (05/08) حقوق المرأة في الإسلام | FREE COPY

## સન્માનિત

## ગૌરવશાળી

## પ્રિય અને પોષિત


Dar Al Ber Society
www.daralber.ae

الإمارات
THE EMIRATES

Your Path To Peace..


مركز المعلومات الإسلامي
Islamic Information Center


تصريح رقم
(2017/139)


دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department


www.islamicic.com

CONTENTS
























ઇસ્લામમાં સ્ત્રીઓને દબાયેલી, અપમાનિત અને શોષિત માનવામાં આવે છે—પણ શું ખરેખર એવું છે? શું લાખો મુસ્લિમો કેવળ અત્યાચાર કરનારા હોઈ શકે છે? કે પછી પૂર્વગ્રહયુક્ત અને પક્ષપાતી માધ્યમોએ આ ગેરસમજો ઉપજાવી કાઢી છે?

**''સ્ત્રીઓ માટે પણ સામાન્ય નિયમાનુસાર એવા જ અધિકારો છે, જેવા પુરુષોના અધિકારો તેમના ઉપર છે.''(કુર્આન, ૨:૨૨૮)**

પશ્ચિમી દેશોએ હજુ હમણાં જ સ્ત્રીઓને તેમનાં અધિકારો આપ્યા હતા, તે ઇસ્લામે ૧૪૦૦ થી વધારે વર્ષ અગાઉ આપ્યા હતા. ઇ.સ.૧૯૩૦માં એની બેસન્ટે કહ્યું હતું કે, ''છેલ્લી વીસમી સદીમાં ખ્રિસ્તી ઇંગ્લેન્ડે મહિલાઓને મિલ્કતનો અધિકાર માન્ય રાખ્યો, જ્યારે ઇસ્લામે આ અધિકાર પહેલાંથી આપેલો છે. સ્ત્રીઓને આત્મા નથી એવું શિક્ષણ ઇસ્લામ આપે છે એ વાત તદ્દન ખોટી છે. (The Life and Teachings of Muhammad, 1932)

પુરુષો અને સ્ત્રીઓનું મૂળ એક વ્યક્તિ જ છે – ઈશદૂત આદમ(અલૈ.) છે, જેઓ આ પૃથ્વી ઉપર સૌ પ્રથમ મનુષ્ય પણ હતા. ઇસ્લામસ્ત્રી અને પુરુષ બંને પાસેથી ન્યાય અને ઉમદા વ્યવહાર સિવાય બીજી કોઈ વસ્તુની અપેક્ષા રાખતો નથી.

# સમાન બદલો (Reward) અને સમાન ઉત્તરદાયિત્વ

પુરુષ અને સ્ત્રી બંને એક જ રીતે બંદગી કરે છે, અર્થાત્ તેઓ એક જ ઈશ્વર (અલ્લાહ)ની ઉપાસના કરે છે, અને તેમની ઉપાસનાની વિધિઓ પણ સરખી છે, એક જ ધર્મગ્રંથને અનુસરે છે તથા સમાન આસ્થા ધરાવે છે. અલ્લાહ (તમામ સજીવ-નિર્જીવ વસ્તુઓના એક સાચા ઈશ્વર માટે વપરાતો અરબી શબ્દ) તમામ માનવોને ન્યાયી રીતે અને સમાન રૂપે જુએ છે. ઈશ્વર ન્યાયી વર્તણૂંક ઉપર ભાર મૂકે છે અને કુર્આનમાં પુરુષ અને સ્ત્રીને સમાન વળતર અંગે ઘણી આયતો જોવા મળે છે:


**''આસ્થા રાખનાર પુરુષો અને આસ્થા રાખનાર સ્ત્રીઓથી અલ્લાહે (ઈશ્વરે) એવા બગીચાઓનો વાયદો કર્યો છે, જેમના નીચે નહેરો વહી રહી હશે, જેમાં તેઓ સદૈવ રહેશે અને સદાબહાર બગીચાઓમાં પવિત્ર નિવાસ-સ્થાન, અને અલ્લાહની પ્રસન્નતા...'' (કુર્આન, ૯:૭૨)**


**''...હું તમારામાંથી કોઈ કર્મ કરનારનાં કર્મોને વ્યર્થ નહીં કરું, ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી.'' (કુર્આન, ૩:૧૯૫)**


આ આયતો (શ્લોકો) દર્શાવે છે કે વળતર વ્યક્તિના કાર્યો પર આધારિત છે, નહિં કે તેની જાતિ કે લિંગ ઉપર. વ્યક્તિને કેટલું અને કેવી રીતે વળતર આપવામાં તેના મૂલ્યાંકનમાં જાતિ કે લિંગની કોઈ ભૂમિકા હોતી નથી.


જો ઇસ્લામને આપણે અન્ય ધર્મો સાથે સરખાવીશું, તો આપણને ખ્યાલ આવે છે કે

CONTENTS
























તે સ્ત્રી અને પુરુષ બંને દરમ્યાન ન્યાય કરે છે. દા.ત. ઇસ્લામએ વિચારનું ખંડન કરે છે કે પ્રતિબંધિત વૃક્ષનું ફળ ખાવા બદલ ઈવ (પૃથ્વી પર સૌપ્રથમ સ્ત્રી), આદમ (પૃથ્વી પર સૌપ્રથમ પુરુષ)કરતાં વધારે દોષિત છે. ઈસ્લામ અનુસાર આદમઅને ઈવ બંનેએ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું, બંને તે અંગે પશ્ચાતાપ કર્યો હતો અને ઈશ્વરે બંનેને ક્ષમા આપી હતી.

## શિક્ષણનો સમાન અધિકાર

પુરુષ અને સ્ત્રી બંનેને સમાન રૂપે શિક્ષણ પ્રાપ્ત કરવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. ઈશદૂત (સલ્લ.) ફરમાવે છે, **"દરેક મુસ્લિમ(ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી) માટે શિક્ષણ પ્રાપ્ત કરવું અનિવાર્ય છે."** (બયહકી, ઈબ્ને માજા)

ઉપરાંત, ઈશદૂત મુહમ્મદ (સલ્લ.) સમયે અને તે પછી ઘણી મહાન વિદ્વાન મુસ્લિમ મહિલાઓના નામ મળે છે. તેમાંથી કેટલીક સ્ત્રીઓ તેમના પરિવારમાંથી હતી, અને બીજી કેટલીક તેમના સાથીઓમાંથી અને દીકરીઓમાંથી હતી. ઈશદૂત (સલ્લ.)ના પત્ની આઇશા તેમાંથી ખૂબ ખ્યાત નામ છે, જેમના દ્વારા ઇસ્લામી કાનૂનનો લગભગ ત્રીજો ભાગ લોકો સુધી પહોંચ્યો છે.

બીજી ઘણી સ્ત્રીઓ કાયદાની નિષ્ણાત હતી, અને કેટલાક પુરુષો પણ તેમનાં વિદ્યાર્થીઓ રહી ચૂક્યા છે.

## પતિ પસંદ કરવાનો અધિકાર


ઇસ્લામે સ્ત્રીને પોતાનો પતિ પસંદ કરવાનો તથા લગ્ન પછી પણ પોતાનું મૂળ પારિવારિક નામ રાખવાનો અધિકાર આપીને તેને ગૌરવ આપ્યું છે. વધુમાં, ઘણાં લોકો એવું માને છે કે માતા-પિતા તેમની પુત્રીને લગ્ન કરવાનું દબાણ કરે છે. વાસ્તવમાં આ એક સામાજિક પ્રથા છે, અને ઇસ્લામમાં તેનો કોઈ આધાર નથી. હકીકતમાં તેની મનાઈ કરવામાં આવી છે.


ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)ના સમયમાં એક વખતે એક કુંવારી સ્ત્રી આપની પાસે આવી અને તેણે કહ્યું કે તેના પિતાએ તેનાં નિકાહ (લગ્ન) કરી દીધા છે, જો કે આ લગ્ન તેને પસંદ નથી. ઈશદૂત (સલ્લ.)એ તેને અધિકાર આપ્યો કે તે ઇચ્છે તો આ લગ્નને ચાલુ રાખે અથવા તોડી નાખે. તે સ્ત્રીએ ઈશદૂત (સલ્લ.)ને ઉદ્દેશીને કહ્યું, 'હે ઈશ્વરના સંદેશવાહક ! મારા પિતાએ જે કંઈ કર્યુ છે તેનો હું સ્વીકાર કરું છું, પરંતુ હું અન્ય સ્ત્રીઓને બતાવવા માગું છે (કે લગ્ન વિશે તેમના ઉપર દબાણ કરવાનો કોઈને અધિકાર નથી.) (અબૂ દાઉદ) આવું જ એક બીજી હદીસમાં છે કે પુખ્ત અને સમજદાર, 'તય્યિબ' (Deflowered but unmarried woman, Widow, Divorcee) સ્ત્રી વિશે કહેવામાં આવ્યું છે કે તે પોતાના વલી (અહીં 'વલી' એટલે એવી વ્યક્તિ જે કોઈ યુવતી કે સ્ત્રીના લગ્નનો જવાબદાર હોય) કરતાં પોતાના વિશે વધારે હક્ક ધરાવે છે. (મુસ્લિમ)


## સમાન, પણ ભિન્ન


સામાન્ય નિયમાનુસાર પુરુષો અને સ્ત્રીઓ સમાન અધિકારો ધરાવે છે, છતાં વિશિષ્ટ હક્કો અને તેમને સોંપવામાં આવેલ જવાબદારીઓ એક જેવી નથી. અધિકારો અને

CONTENTS
























જવાબદારીઓના સંદર્ભમાં પુરુષો અને સ્ત્રીઓ એક-બીજાના પૂરક છે.

બાહ્ય અને આંતરિક શારીરિક ભિન્નતા હોવા ઉપરાંત, વૈજ્ઞાનિકો જાણે છે કે ભાષા અને વાણી, માહિતી અને જાણકારી તથા લાગણીઓ અને ભાવનાઓના સંદર્ભમાં પુરુષો અને સ્ત્રીઓના મગજની પ્રક્રિયાને જોઈએ તો ઘણાં સૂક્ષ્મ અને જટિલ પ્રકારનાં તફાવતો રહેલાં છે. તેમાંથી કેટલાક આ પ્રમાણે છે :

હાર્વર્ડ યુનિવર્સિટીના Socio-Biological (સામાજિક-જીવવિજ્ઞાનનાં) વિશેષજ્ઞ એડવર્ડ ઓ.વિલ્સન કહે છે કે બોલવાની કળા, સહાનુભૂતિ અને સામાજિક કૌશલ્યમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે ઉત્તમ હોય છે; બીજી કેટલીક બાબતો જેવી કે આઝાદી, પ્રભુત્વ અને સત્તાધિકાર, સ્થાન અને દરજ્જો તથા ગાણિતિક કૌશલ્ય, પદ કે હોદ્દા માટે આક્રમક વલણ અને અન્ય લાક્ષણિકતાઓને જોતાં સ્ત્રીઓ કરતાં પુરુષો વધારે ઉચ્ચ હોય છે.

વાસ્તવમાં એ મૂર્ખતા હશે, જો બંને જાતિઓ સાથે એક સરખો વ્યવહાર કરવામાં આવે અને તેમનાં વચ્ચેના તફાવતોને ધ્યાનમાં લેવામાં ન આવે. ઇસ્લામની શિક્ષા એ છે કે પુરુષો અને સ્ત્રીઓની ભૂમિકા એક-બીજાની પૂરક, છતાં ભિન્ન છે; કેમકે તે તેમની પ્રકૃતિ સાથે સૌથી વધારે સાનુકૂળ અને ઉપયુક્ત છે. ઈશ્વર કહે છે :

'અને નર (પુરુષ) એ માદા (સ્ત્રી)ની જેમ નથી હોઈ શકતો.' (કુર્આન, ૩:૩૬)

"શું એ જ નહીં જાણે જેણે પેદા કર્યા છે ? અને તે સૂક્ષ્મદર્શી અને સુમાહિતગાર છે." (કુર્આન, ૬૭:૧૪)


## પારિવારિક એકમ


અનન્ય ભૂમિકા, કૌશલ્ય અને જવાબદારીઓ સાથે ઈશ્વરે પુરુષો અને સ્ત્રીઓને ભિન્ન-ભિન્ન પેદા કર્યા. આ તફાવતોને શ્રેષ્ઠતા કે હીનતાના પુરાવાના રૂપમાં જોવામાં નથી આવતાં, બલ્કે વિશિષ્ટતાઓ અને ખૂબીઓના રૂપમાં જોવામાં આવે છે. ઇસ્લામમાં કુટુંબનું મહત્ત્વ કેન્દ્રમાં છે. પરિવારની આર્થિક ખુશહાલી પુરુષના શિરે છે, જ્યારે કે કુટુંબની ભૌતિક, શૈક્ષણિક અને ભાવનાત્મક ખુશહાલી સ્ત્રી સંભાળે છે. આનાથી સ્પર્ધાને બદલે સહયોગની ભાવનાને પ્રોત્સાહન મળે છે. તેમની પારસ્પારિક જવાબદારીઓની પૂર્તિથી એક મજબૂત પરિવાર અસ્તિત્વમાં આવે છે અને તેના થકી એક મજબૂત સમાજનું નિર્માણ થાય છે.


ઉપરાંત, ન પુરુષો અને ન સ્ત્રીઓ, એક-બીજા વગર ભાવાત્મક અને ઊર્મિશીલ જીવન જીવી શકે છે. આ સંબંધનું વર્ણન અલ્લાહ સુંદર રીતે કરે છે :


"તેઓ તમારા માટે પોશાક છે અને તમે તેમનાં માટે પોશાક છો." (કુર્આન, ૨:૧૮૭)

CONTENTS
























પોશાક વ્યક્તિને રાહત અને આરામ, હૂંફ અને સુરક્ષાની સાથે-સાથે સુંદર દેખાવ પણ આપે છે – ઇસ્લામમાં પતિ-પત્નીના સંબંધને આ રીતે આલેખવામાં આવ્યો છે.

## દાંપત્ય-જીવનમાં પ્રેમ અને દયા

ઈશદૂત (સલ્લ.) પણ પુરુષોને તેમની પત્નીઓ સાથે સારું વર્તન કરવા માટે પ્રોત્સાહિત કરતા – ''તમારામાં સૌથી સારો વ્યક્તિ એ છે, જે પોતાની સ્ત્રીઓ (પત્નીઓ) માટે (વ્યવહારમાં) સારો હોય.'' (તિરમિઝી)

**''અને તેની નિશાનીઓમાંથી એ છે કે તેણે તમારા માટે તમારી જ સહજાતિથી પત્નીઓ બનાવી, જેથી તમે તેમના પાસે મનની શાંતિ મેળવી શકો અને તમારા વચ્ચે પ્રેમઅને દયા પેદા કરી દીધાં. નિઃશંક, આમાં ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ વિચાર કરે છે.'' (કુર્આન, ૩૦:૨૧)**

આઇશા (ઈશદૂતના પત્ની, રદિ.)ને એક વખતે પૂછવામાં આવ્યું કે ઘરમાં ઈશદૂતનો વ્યવહાર કેવો હતો. તેણીએ કહ્યું, ''તેઓ ઘરમાં તમારા જેવા જ હતા; તથાપિ તેઓ ખૂબ જ નરમ અને સૌમ્ય તથા ઉદાર હતા... તેઓ ઘરનાં રોજિંદા કામોમાં પોતાની પત્નીઓને મદદ કરતા, (તેઓ) જાતે પોતાનાં કપડાં સીવતા અને પોતાનાં પગરખાંની મરમ્મત કરતા.'' (તિરમિઝી) ટૂંકમાં, તેઓ, તેમની પત્નીઓ જે કંઈ કામ કરતી તેમાં તેમની મદદ કરતા.

## માતાઓ અને દીકરીઓનું ઊંચુ સ્થાન


શરૂઆતના વર્ષોમાં માતાની મમતા, કાળજી અને પ્રેમથી બાળક ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પડે છે. નિઃશંક પણે, માતાને લીધે જ સમાજ સફળતાને વરે છે. તેથી સ્ત્રીઓને ગૌરવ બક્ષવાની અને તેમનો દરજ્જો ઉચ્ચ કરવાની શિક્ષા ઇસ્લામમાં તદ્દન ઉચિત છે.


**ઈશ્વર કુર્આનમાં ફરમાવે છે :**


**''અમે મનુષ્યને તાકીદ કરી કે તે પોતાના માતા-પિતાની સાથે સારો વ્યવહાર કરે. તેની માતાએ કષ્ટ ઉઠાવીને તેને પેટમાં રાખ્યો અને કષ્ટ ઉઠાવીને જ તેને જન્મઆપ્યો, અને તેના ગર્ભ અને દૂધ છોડાવવામાં ત્રીસ મહિના લાગી ગયા...'' (કુર્આન, ૪૬:૧૫)**


એક વખતે ઈશદૂત (સલ્લ.)ને પૂછવામાં આવ્યું, ''હે ઈશદૂત ! લોકોમાંથી મારા સદ્વ્યવહારનો સૌથી વધારે હકદાર કોણ છે ?'' તેમણે કહ્યું, ''તમારી માતા.'' તે વ્યક્તિએ તે પછી બે વાર પૂછ્યું, ''પછી કોણ ?'' અને તેને એ જ જવાબ આપવામાં આવ્યો. જ્યારે ચોથી વાર પૂછવામાં આવ્યું ત્યારે પયગંબર સાહેબે કહ્યું, ''પછી તમારા પિતા.'' (બુખારી, મુસ્લિમ)

CONTENTS























કેવળ માતાઓ સાથે જ સારો અને ઉમદા વ્યવહાર કરવામાં આવે તેનો જ બદલો મળશે એવું નથી, બલ્કે ઇસ્લામે દીકરીઓના દરજ્જાને ઉચ્ચ કરવામાં જે વિશિષ્ટ બદલો આપવાનું કહ્યું છે, તેવું દીકરાઓના દરજ્જાને ઉચ્ચ કરવા માટે કહેવામાં આવ્યું નથી.

પયગંબર મુહમ્મદ (સલ્લ.)એ કહ્યું, **"જેણે ત્રણ દીકરીઓનું પાલન-પોષણ કર્યું, તેમને સારી શિક્ષા-દીક્ષા આપી અને તેમના લગ્ન કર્યા, અને તેમના સાથે સારું વર્તન દાખવ્યું તે સ્વર્ગમાં જશે."** (અબૂ દાઉદ) એક બીજી હદીસમાં ત્રણ પુત્રીઓની સાથે ત્રણ બહેનોનો પણ ઉલ્લેખ છે. (મિશ્કાત) બે પુત્રીઓ (કે બહેનો) તથા એક પુત્રી (કે બહેન) વિશે પણ પયગંબર સાહેબે ફરમાવ્યું કે જો તેમના સાથે સારું વર્તન દાખવવામાં આવે તો તેમને પણ આ જ ઇનામ મળશે.

## સમાપન

ઇસ્લામ પહેલાં સ્ત્રીઓને શરમજનક ગણવામાં આવતી હતી, બાળકીઓને જીવતી દાટી દેવામાં આવતી હતી, દેહ વ્યાપારનું ચલણ આમ હતું, છૂટાછેડા માત્ર પતિ જ આપી શકતો, બળવાનને જ વારસામાં હકદાર સમજવામાં આવતો, શોષણ ખુલ્લેઆમ થતું. ઇસ્લામ આવ્યો અને આ તમામ પ્રથાઓ નાબૂદ કરી દેવામાં આવી. હજુ હમણાં પણ 'સભ્ય અને વિકસિત દેશો'માં સ્ત્રીઓને સન્માન અને ગૌરવ આપવામાં આવતું નથી, તેમનો કોઈ માન-મોભો નથી, અને સમાન કામ માટે સમાન પગાર આપવામાં આવતો નથી. તેના સામે, ઇસ્લામે સ્ત્રીઓને કીમતી અને મૂલ્યવાન ગણીને તેમને સન્માન આપે છે, તેમને કલંકિત કે અપમાનિત થવા દેતો નથી. કેટલાક મુસ્લિમ પરિવારોમાં સ્ત્રીઓ સાથેની ગેરવર્તણુંક એ કેટલીક સાંસ્કૃતિક બાબતોને લઈને છે, જેને તેઓ ખોટી રીતે અનુસરે છે, તેનું કારણ ઇસ્લામ નથી. જો ઇસ્લામ સ્ત્રીઓનું શોષણ જ કરતો હોત તો શા માટે સમગ્ર વિશ્વમાં આજે ખૂબ વધારે પ્રમાણમાં સ્ત્રીઓ સ્વેચ્છાએ ઇસ્લામને અપનાવી રહી છે?

અહીં, અમારા અને તમારા પ્રભુ, તમામ પુરુષો અને સ્ત્રીઓના સૃષ્ટા અને પાલનહારના શબ્દો સાથે આ ચર્ચાનું સમાપન કરીએ છીએ :

"સમર્પિત (મુસ્લિમ) પુરુષો અને સમર્પિત સ્ત્રીઓ, આસ્થા રાખનાર પુરુષો અને આસ્થા રાખનાર સ્ત્રીઓ, નિષ્ઠાપૂર્વક આજ્ઞાપાલન કરવાવાળાં પુરુષો અને નિષ્ઠાપૂર્વક આજ્ઞાપાલન કરવાવાળી સ્ત્રીઓ, સત્યવાદી પુરુષો અને સત્યવાદી સ્ત્રીઓ, ધૈર્યવાન પુરુષો અને ધૈર્યવાન સ્ત્રીઓ, વિનમ્ર પુરુષો અને વિનમ્ર સ્ત્રીઓ, દાનશીલ પુરુષો અને દાનશીલ સ્ત્રીઓ, રોઝા (ઉપવાસ) રાખવાવાળાં પુરુષો અને રોઝા રાખવાવાળી સ્ત્રીઓ, પોતાની ઇજ્જત-આબરૂની રક્ષા કરવાવાળાં પુરુષો અને રક્ષા કરવાવાળી સ્ત્રીઓ તથા અલ્લાહને સૌથી વધુ યાદ કરનારાં પુરુષો અને યાદ કરવાવાળી સ્ત્રીઓ — તેમના માટે અલ્લાહે ક્ષમા અને ખૂબ મોટું ઇનામ તૈયાર રાખ્યું છે." (કુર્આન, ૩૩:૩૫)

CONTENTS




# મૃત્યુ અને પરલોકનું જીવન ઇસ્લામી દ્રષ્ટીકોણ


GUJRATI | (06/08) | الموت | FREE COPY


"દરેક જીવે મૃત્યુનો સ્વાદ ચાખવાનો છે."
(કુર્આન, ૨૯:૫૭)


શું તમે પરલોકના જીવનની સરખામણીમાં દુનિયાનું જીવન પસંદ કરો છો ?
(કુર્આન - ૯ : ૩૮)



Dar Al Ber Society
www.daralber.ae
الإمارات THE EMIRATES
Your Path To Peace..
مركز المعلومات الإسلامي
Islamic Information Center
تصريح رقم (2017/139)
دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department
www.islamicic.com


CONTENTS













# મૃત્યુ નજીક છે...

''તમે જ્યાં પણ હશો, મૃત્યુ તો તમને આવીને જ રહેશે; ચાહે તમે મજબૂત કિલ્લાઓમાં જ કેમ ન હોવ !
કુર્આન - ૪:૭૮

મૃત્યુ એવી વાસ્તવિકતા છે, જેનાથી કોઈ ભાગી શકતું નથી. દરરોજ, પ્રત્યેક કલાકે અને દરેક મિનિટે તે વધારે-ને-વધારે નજીક આવતું રહે છે. CIA's The World Fact Book 2007 અનુસાર વિશ્વમાં પ્રતિ સેકંડે બે વ્યક્તિઓ મૃત્યુને ભેટે છે. અર્થાત્, દર વર્ષે ૫.૭૯ કરોડ (૫૭.૯ Million) લોકો મૃત્યુ પામે છે ! દરેક વ્યક્તિએ ટાળી ન શકાય તેવા આ ભાગ્યના ભોગ બનવાનું છે; ચાહે તેની વય, તેનું સ્વાસ્થ્ય, તેનું પશ્ચાદ, તેની સામાજિક સ્થિતિ અને પ્રતિષ્ઠા ગમે તે કેમ ન હોય !

ક્યાં ગયા એ રાજાઓ, ધનવાનો અને એ લોકો જેમને પોતાની શક્તિ અને સામર્થ્ય પર ગર્વ હતો ? ક્યાં છે એ લોકો જેઓ પોતાના સૌંદર્ય, પોતાની ખ્યાતિ અને પોતાની બુદ્ધિ ઉપર અભિમાન કરતા હતા ?

# મૃત્યુ – એક વાસ્તવિકતા

મૃત્યુ એ કોઈ અચાનક આવેલું મોટું સંકટ કે દુર્ઘટના નથી, બલ્કે એક જગતમાંથી બીજા જગતમાં જવાની ઘટના છે. તેનો પ્રભાવ આપણા ઉપર પડવો જોઈએ અને આપણે આપણા જીવનના ઉદ્દેશ્ય અને મૃત્યુ પછી આપણું શું થશે તે અંગે વિચારવું જોઈએ.

અલ્લાહે (ઈશ્વરે) કુર્આનમાં આપણને કહ્યું છે કે તેણે કેવળ તેની બંદગી અને ઉપાસના માટે આપણા-સૌનું સર્જન કર્યું છે, અને એટલા માટે જ તેણે આલોકના આ જીવનને એક પરીક્ષા બનાવી છે કે કોણ આ હેતુને સિદ્ધ કરે છે :

''મેં જિન્નાતો અને મનુષ્યોને આના સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી (ઉપાસના) કરે.'' (કુર્આન, ૫૧:૫૬)

જીવન અને મૃત્યુના સર્જનનો હેતુ શું છે તે અંગે પણ ઈશ્વર આપણને સૂચિત કરે છે :

''અલ્લાહ, જેણે મૃત્યુ અને જીવનનું સર્જન કર્યું, જેથી તમને લોકોને અજમાવી જુએ કે તમારામાંથી કોણ સારા કર્મ કરનાર છે.'' (કુર્આન, ૬૧:૨)

કોઈ વ્યક્તિ કેવળ અંતિમ ક્રિયાનું બીલ અગાઉથી ચૂકવીને કે કોફિનની ખરીદી અગાઉથી કરીને મૃત્યુની તૈયારી નથી કરતો, બલ્કે તેની તૈયારી માટે તેણે જીવનના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવો પડશે, અર્થાત્ – માત્ર એક ઈશ્વરની ઉપાસના કરવી પડશે, તેનું આજ્ઞાપાલન કરવું પડશે અને સત્કર્મો કરવા પડશે. ઈસ્લામમાં ઉપાસના કે બંદગીની ધારણા વ્યાપક અને સર્વગ્રાહી છે. તે કેવળ પૂજા-અર્ચના કે પ્રાર્થના સુધી સીમિત નથી. વાસ્તવમાં, એવું કોઈપણ કાર્ય જે અલ્લાહની પ્રસન્નતા માટે કરવામાં આવે તે બંદગી છે, અને આવા વ્યક્તિને તેનો ઉત્તમ બદલો મળશે.

CONTENTS






# મૃત્યુની ઘડી

> "પ્રત્યેક મનુષ્યએ એ જોવું જોઈએ કે તેણે કાલ માટે શું મોકલ્યું છે ?" (કુર્આન, ૫૯:૧૮)

દરરોજ આપણે મૃત્યુની ઘટનાઓને જોઈએ છીએ. આપણે એવું સમજીએ છીએ કે વ્યક્તિ દુઃખ-દર્દની પીડા કે હિંસા વગર મૃત્યુ પામે તો એ શાંતિપૂર્ણ મૃત્યુ છે. પરંતુ હંમેશા એવું બનતું નથી. જ્યારે કોઈ વ્યક્તિ મૃત્યુ પામે છે, તો તેનો આત્મા શરીરને છોડીને ચાલ્યો જાય છે, અને તેથી શરીરની ભૌતિક ઉપસ્થિતિ આત્માની સ્થિતિને દર્શાવી શકતી નથી. આત્માની શાંતિ કે અશાંત અવસ્થાનો આધાર મૃત્યુ પામનાર વ્યક્તિ જીવનના હેતુને કેટલી સારી રીતે પૂરો કર્યો તેના ઉપર છે, મૃત્યુના કારણ સાથે તેનો જરા પણ સંબંધ નથી.

આપણે બે વ્યક્તિઓનું ઉદાહરણ લઈએ, જેમની પાસે એક એવા સ્થળની એક જ તરફની ટિકિટ છે, જ્યાં તેઓ અગાઉ કદી ગયા નથી. એમાંથી એક વ્યક્તિ તે સ્થળની ભાષા, સભ્યતા અને રીત-રસમોનો અભ્યાસ કરે છે. તે ત્યાંનું ચલણી નાણું લે છે અને જરૂરી રસીઓ પણ મૂકાવડાવી દે છે, અને જ્યારે મુસાફરીનો સમય આવે છે તો તે કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના પહોંચી જાય છે. તે સુરક્ષિત અને સંતુષ્ટ છે, કેમકે તેણે તૈયારી માટે સમય કાઢ્યો હોય છે.

તેનાથી વિપરીત, બીજો વ્યક્તિ પોતાની તૈયારીઓની બાબતમાં બેદરકાર છે, અને વિદાયની ઘડી આવી પહોંચે છે ત્યાં સુધી પોતાની મસ્તીમાં રહે છે. એક અપરિચિત મુકામે જ્યારે તે પહોંચે છે, તો તે ગભરાય છે અને મૂંઝાય છે. પોતાની પૂર્વતૈયારીના અભાવે તેને દુર્ભાગ્યનો ભોગ બનવું પડે છે. પરિણામે પોતે જે વસ્તુઓ સાથે લઈને ગયો હોય છે તેનો કશો અર્થ રહેતો નથી.

આવા બેદરકાર અને ગાફેલ વ્યક્તિ વિશે ઈશ્વર કુર્આનમાં ફરમાવે છે :

"(તેઓ ગફલતમાં રહે છે) ત્યાં સુધી કે જ્યારે તેમનામાંથી કોઈનું મૃત્યુ આવે છે તો તે કહે છે કે : હે મારા માલિક ! મને (ફરી દુનિયામાં) પાછો મોકલી દે, કદાચ હું તેમાં સારા કર્મો કરું જે હું છોડીને આવ્યો છું.' કદાપિ નહીં, આ તો એક (વ્યર્થ) વાત છે જે તે કહી રહ્યો છે..." (કુર્આન, ૨૩:૯૯-૧૦૦)

જે લોકો નર્કના હવાલે થયા છે તેમના વિશે પણ વિચારવા જેવું છે, જ્યારે પૂછવામાં આવશે કે તમને અહીં કઈ વસ્તુ લઈ આવી ?

"...પૂછશે ગુનેગારોથી, 'કઈ વસ્તુ તમને નર્કમાં લઈ આવી ?' તેઓ કહેશે કે અમે નમાઝ પઢનારાઓમાંથી નહોતા, અને અમે ગરીબોને ભોજન કરાવતા નહોતા અને અશિષ્ટ અને નિરર્થક વાતો કરનારાઓની સાથે અમે પણ એમાં જ લાગેલા રહેતા હતા, અને અમે બદલાના દિવસ (ન્યાયના દિવસ)ને જૂઠો ઠેરવતા હતા, ત્યાં સુધી કે મૃત્યુનો દિવસ આવી ગયો, જે નિશ્ચિત છે." (કુર્આન, ૭૪:૪૦-૪૭)

આપણા બધાનો મૃત્યુને મળવાનો સમય નિશ્ચિત છે, અને આપણે-સૌ તે અજાણી મંજિલ તરફ કૂચ કરી રહ્યા છીએ. પૂછો પોતાની જાતને - શું તું તેના માટે તૈયાર છે ?

CONTENTS




# જીવનનો ઉદ્દેશ્ય

જીવન એક પરીક્ષા છે, જેનો અંત મૃત્યુ છે, પરંતુ તે કોઈના અસ્તિત્વનો અંત નથી. જ્યારે મૃત્યુ આવી જાય છે, સારા કર્મો કરવાની તક સમાપ્ત થઈ જાય છે. ત્યારે પસ્તાવા માટે ખૂબ મોડું થઈ ગયું હશે. આપણે આપણાં આ જીવનમાં જે કંઈ આસ્થાઓ, ધારણાઓ તેમજ કાર્યો કરીએ છીએ સંપૂર્ણપણે તેના જ આધારે આપણું ભાવિ નક્કી થશે. માણસનું જીવન બે ભાગોમાં વહેંચાયેલું છે : આ દુનિયાનો ટૂંકો મુકામ અને પરલોકનું શાશ્વત જીવન. કોઈપણ સમજદાર વ્યક્તિ નિષ્કર્ષ કાઢી લેશે કે દુનિયાના અલ્પકાલીન સુખ કરતાં પરલોકનો શાશ્વત આનંદ વધારે લાભદાયક છે.

> **''તો શું તમે એવું સમજી લીધું છે કે અમે તમને વ્યર્થ પેદા કર્યા છે અને એ કે તમારે અમારા તરફ પાછા ફરવાનું જ નથી ?''**
> **(કુર્આન, ૨૩:૧૧૫)**

અલ્લાહે માનવીઓનું સર્જન કર્યું અને પસંદગીની સ્વતંત્રતા આપીને આપણા કર્મો માટે આપણને ઉત્તરદાયી બનાવ્યા, અને ભલાઈ અને બૂરાઈ તથા સાચા-ખોટાને ઓળખવાની સમજ આપી. જો મૃત્યુ પછી જીવન ન હોય, જેમાં સત્કર્મો કરનારાઓને ઇનામ અને દુષ્કર્મો કરનારાઓને સજા આપવામાં આવે, તો અલ્લાહના પૂર્ણ અને તદ્દન ન્યાયનું ખંડન થાય છે.

તેથી ન્યાયની અબાધિત માગણી છે કે ન્યાયનો એક એવો દિવસ હોવો જોઈએ, જે દિવસે પ્રત્યેક આત્માએ પોતાનો હિસાબ-કિતાબ આપવાનો હોય.

''શું અમે આજ્ઞાંકિતો સાથે અપરાધીઓ જેવું વલણ કરીશું ? તમને શું થઈ ગયું છે, તમે કેવા નિર્ણયો કરો છો ? શું તમારા પાસે કોઈ (આકાશી) પુસ્તક છે જેમાં તમે વાંચો છો કે તેમાં તમારા માટે એ બધું છે, જેને તમે પસંદ કરો છો ?'' (કુર્આન, ૬૮:૩૫-૩૬)


# ન્યાયનો દિવસ


દરેક વ્યક્તિએ જીવનમાં કરેલાં કાર્યોની ચોકસાઈપૂર્વક નોંધ કરવામાં આવે છે અને તેને સુરક્ષિત રાખવામાં આવે છે, જેમકે અલ્લાહ ફરમાવે :


''અને કાર્ય-નોંધ જ્યારે ખુલ્લી મૂકવામાં આવશે તો ગુનેગારોને જોશો કે જે કંઈ તેમાં હશે તેનાથી ડરી રહ્યા છે. એ કહી રહ્યા છે કે, 'હાય, અમારું દુર્ભાગ્ય ! આ કેવું પુસ્તક છે કે તે ન કોઈ નાની વસ્તુ છોડે છે, ન મોટી; બલ્કે બધું જ તેણે પોતાના અંદર સમાવી લીધું છે.' જે કંઈ તેમણે કર્યું હશે બધું જ ત્યાં જોશે. તમારો પ્રભુ-પાલનહાર કોઈના ઉપર અત્યાચાર નહીં કરે.'' (કુર્આન, ૧૮:૪૯)


> **''મૃત્યુ, જેનાથી તમે ભાગો છો, તે તો તમને આવીને જ રહેશે. પછી તમે તેના તરફ પાછા ફેરવવામાં આવશો જે છૂપા અને જાહેર બધાને જાણવાવાળો છે, અને તે તમને બતાવી દેશે, જે કંઈ તમે કરતા રહ્યા છો.''**
> **(કુર્આન, ૨૩:૧૧૫)**

CONTENTS

























આપણાં તમામ કાર્યોના રેકર્ડની ચોકસાઈ અને સચ્ચાઈને જોઈને આપણે આશ્ચર્યચકિત થઈ જઈશું, કેમકે તે વખતે લાંબા સમયથી ભૂલાઈ ગયેલ તમામ બાબતો આપણને યાદ દેવડાવવામાં આવશે. અલ્લાહ ફરમાવે છે :

''અલ્લાહે (તેમનું કર્યું-કરાવ્યું બધું) ગણ-ગણીને રાખ્યું છે, અને તેઓ તેને ભૂલી ગયા છે, અને અલ્લાહ દરેક વસ્તુનો સાક્ષી છે.'' (કુર્આન, ૫૮:૬)

આ બાબતે આપણે જ્યારે ઊંડો વિચાર કરીશું તો એ જાણીને કે - બધું જ આપણા વિરુદ્ધમાં નોંધાવાનું છે અને અલ્લાહ સમક્ષ ન્યાયના દિવસે ખુલી જવાનું છે - આપણે કોઈપણ પાપ-કર્મ કરતાં શરમ અનુભવીશું.

તેમને ફરીથી જીવતા કરીને ઊભા કરવાના અને ન્યાય કરવાના અલ્લાહના સામર્થ્ય અંગે જે લોકો સંદેહ કરે છે, એવા અશ્રદ્ધાળુઓ અંગે અલ્લાહ કહે છે :

''અને તેણે અમારી ઠેકડી ઉડાવી અને પોતાના સર્જનને ભૂલી ગયો. કહે છે : ' કોણ હાડકાઓમાં પ્રાણ ફૂંકશે, જ્યારે કે જીર્ણ-ક્ષીણ થઈ ગયા હશે ?' કહી દો - તેમાં એ જ પ્રાણ ફૂંકશે જેણે પહેલી વાર પેદા કર્યા હતા. તે તો સર્જનનું પ્રત્યેક કાર્ય જાણે છે.'' (કુર્આન, ૩૬:૭૮-૭૯)

# સ્વર્ગ અને નર્ક

જે લોકો એક માત્ર અલ્લાહને જ પૂજ્ય માને છે અને સત્કર્મો કરે છે, તેમને સ્વર્ગથી પુરસ્કૃત કરવામાં આવશે.

''નિ:શંક, સ્વર્ગવાળાં લોકો આજે આનંદમાં મગ્ન છે. તેઓ અને તેમની પત્નીઓ ઘટાદાર છાંયડાઓમાં છે, આસનો પર તકિયા લગાવીને, દરેક પ્રકારની લિજ્જતવાળી-સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવા-પીવા માટે તેમના માટે ત્યાં હાજર છે, જે કંઈ તેઓ માગે તેમના માટે હાજર છે...'' (કુર્આન, ૩૬:૫૫-૫૭)

પયગંબર હઝરત મુહમ્મદ (સલ્લ.) કહે છે કે, અલ્લાહે ફરમાવ્યું : ''મેં મારા સદાચારી બંદાઓ માટે એવી સુંદર વસ્તુ બનાવી છે, જેને ન કોઈ આંખોએ જોઈ, ન કોઈ કાનોએ સાંભળી અને ન કોઈ માણસના હૃદયમાં તેનો ખ્યાલ આવ્યો...'' (બુખારી, મુસ્લિમ)

જે લોકો અલ્લાહના એક હોવાનો અને તેની અદ્વિતીયતાનો ઇન્કાર કરે છે તેમના માટે જ આ વિરોધાભાસી કથન છે, તેમને કહેવામાં આવશે :

''આ એ જ નર્ક છે જેની તમને ધમકી આપવામાં આવી રહી છે. જે ઇન્કાર તમે કરી રહ્યા છો, તેના બદલામાં આજે તેમાં દાખલ થઈ જાઓ.'' (કુર્આન, ૩૬:૬૩-૬૪)

CONTENTS






અશ્રદ્ધાળુઓ માટે ખરાબમાં ખરાબ સજા છે :

“વાસ્તવમાં નર્ક એક ફેસલો છે, વિદ્રોહીઓનું ઠેકાણું. હકીકત એ છે કે તેમાં તેઓ મુદ્દતો સુધી પડ્યા રહેશે. તેમાં ન તેઓ કોઈ ઠંડકની મજા માણી શકશે, ન પીવાલાયક કોઈ વસ્તુની. કંઈ મળશે તો કેવળ ગરમ પાણી અને જખમોનું ધોવાણ. તેમના કૃત્યોનો પૂરેપૂરો બદલો. તેઓ કોઈ હિસાબ-કિતાબની અપેક્ષા રાખતા નહોતા અને અમારી આયતોને તેમણે તદ્દન ખોટી ઠેરવી દીધી હતી, અને સ્થિતિ એ હતી કે અમે દરેક વસ્તુ ગણી-ગણીને લખી રાખી હતી. હવે ચાખો સ્વાદ ! અમે તમારા માટે યાતના સિવાય કોઈ વસ્તુમાં કદાપિ વધારો નહીં કરીએ.” (કુર્આન, ૭૮:૨૧-૩૦)

## સમાપન

“હે મનુષ્ય ! કઈ વસ્તુએ તને પોતાના પરમ્ કૃપાળુ પ્રભુ વિશે ધોખામાં નાખી રાખ્યો છે ? જેણે તને તારું રૂપ આપ્યું, તને નખશિખથી દુરસ્ત બનાવ્યો, અને તને સંતુલન પ્રદાન કર્યું. જે રૂપમાં ઇચ્છ્યો તેણે તને જોડીને તૈયાર કર્યો. કદાપિ નહીં, બલ્કે તમે બદલાના દિવસ (ન્યાયના દિવસ)ને ખોટો ઠેરવો છો.’

(કુર્આન, ૮૨:૬-૯)

“નિ શંક, સદાચારી લોકો આનંદમાં હશે અને દુરાચારી લોકો નર્કમાં જશે.” (કુર્આન, ૮૨:૧૩-૧૪)

મૃત્યુ અનિવાર્ય છે. આપણા જીવનનો ઉદ્દેશ્ય કેવળ એક અલ્લાહની પૂજા અને બંદગી કરવી, સત્કર્મો કરવા અને જે કંઈ વસ્તુની મનાઈ કરવામાં આવી છે તેને છોડી દેવાનો છે. આપણે વર્તમાન લોકમાં કરેલ કાર્યોના આધારે આપણા ભાવિનો નિર્ણય લેવાશે, તેથી સ્વર્ગમાં આપણું અનંત સ્થાન નિશ્ચિત કરવા માટે આ ધરતી ઉપર મળતી તકોનો આપણે ભરપૂર ઉપયોગ કરવો જોઈએ, જો તે આપણે ગુમાવી દઈશું તો આપણી જાતને શાશ્વત નર્કની સજાને પાત્ર ઠરાવી લઈશું.

HOTLINE
+971 56 204 2045
islamicicdxb
islamicic.com   info@islamicic.com   +971 4 355 5223
DOWNLOAD GUJRATI FLYER
www.iicdxb.com/gujrati

CONTENTS




# એકેશ્વરવાદ

GUJRATI (07/08) الحاد FREE COPY



"કહો : અલ્લાહ(ઈશ્વર) એક છે, ઈશ્વર નિરપેક્ષ (અને સર્વાધાર) છે, ન તેનું કોઈ સંતાન છે અને ન તે કોઈનું સંતાન છે. અને કોઈ તેના સમકક્ષ નથી."
(કુર્આન, ૧૧૨)


جمعية دار البر
Dar Al Ber Society
www.daralber.ae

الإمارات
THE EMIRATES


Your Path To Peace..


مركز المعلومات الإسلامي
Islamic Information Center
للتعريف بالإسلام


تصريح رقم
(2017/139)
دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department


www.islamicic.com


CONTENTS

















# ઇસ્લામમાં એકેશ્વરવાદ

ઈશ્વર એક જ હોવાની શિક્ષા એ ઇસ્લામનો સાર છે. આ આસ્થા બીજા બધા નિયમો અને કાનૂન, માન્યતાઓ અને ધારણાઓ તથા આદેશોનો પાયો છે. તેને દૂર કરી નાખો તો ધર્મ જેવું કશું રહેતું નથી.

## 'અલ્લાહ' અનન્ય નામ છે

'અલ્લાહ' બે અરબી શબ્દો 'અલ્' અને 'ઇલાહ'થી બનેલો શબ્દ છે. 'અલ્લાહ' એ એક સાચાં ઈશ્વર માટે વપરાતું યોગ્ય અને વ્યક્તિગત નામ છે. બીજા કોઈને 'અલ્લાહ' કહી શકાતું નથી. આ નામનું કોઈ બહુવચન પણ નથી અને કોઈ લિંગ પણ નથી; જેમકે અંગ્રેજી શબ્દ 'God' નું બહુવચન અને લિંગ-પરિવર્તન બંને કરી શકાય છે (દા.ત. Gods/Godess).

ઈશ્વરના વ્યક્તિગત નામ'અલ્લાહ'નો આ અનુપમ શબ્દ-પ્રયોગ ઇસ્લામમાં એક ઈશ્વરની શુદ્ધ આસ્થાનું મહત્ત્વ દર્શાવે છે.


## 'અલ્લાહ' સિવાય કોઈ ઉપાસ્ય નથી


''તમારો પૂજ્ય-પ્રભુ એક જ પૂજ્ય-પ્રભુ છે. તે કૃપાળુ અને દયાળુ સિવાય કોઈ પૂજ્ય-પ્રભુ નથી.'' (કુર્આન, ૨:૧૬૫)


ઇસ્લામમાં ઈશ્વરના એકત્વની આસ્થા એ સર્વગ્રાહી શિક્ષાનો સાર છે. આ વાતને નીચે દર્શાવેલાં અલ્લાહ (ઈશ્વર)નાં ગુણોથી વધારે સમજી શકાશે :


- ઈશ્વરનો કોઈ ભાગીદાર નથી, ન તેના સમાન કોઈ છે, ન પ્રતિદ્વંદ્વિ કે વિરોધી.
- ઈશ્વરનો કોઈ પિતા નથી, ન માતા છે, ન પુત્રો છે, ન પુત્રીઓ છે કે ન પત્નીઓ.
- કોઈપણ વસ્તુ કે વ્યક્તિની મધ્યસ્થી વગર સીધી જ ઈશ્વરની ભક્તિ અને ઉપાસના કરી શકાય છે.
- ઈશ્વરને કોઈની પૂજા-અર્ચના કે ઉપાસનાની આવશ્યકતા નથી.
- ઈશ્વર કોઈના સામે ઉત્તરદાયી નથી.
- ઈશ્વર કોઈ વ્યક્તિ કે વસ્તુ પર આધારિત નથી, પરંતુ બધાં તેના પર આધારિત છે.
- ઈશ્વરે કોઈના પણ સહયોગ કે મદદ વગર બધી જ વસ્તુઓનું સર્જન કર્યું છે.
- ઈશ્વરથી ઉપર કે તેના સમાન કંઈ જ નથી.

CONTENTS





















- તમામ વસ્તુઓ તેના આજ્ઞાધીન અને તાબામાં છે.
- ઈશ્વર જે કંઈ આપે છે તેને કોઈ રોકી શકતું નથી, અને ઈશ્વર જે રોકી લે તે કોઈ આપી શકતું નથી.
- કેવળ ઈશ્વર જ લાભ કે હાનિ પહોંચાડવા સમર્થ છે.

## ઈશ્વર સમાન કોઈ નથી

"શું અલગ-અલગ ઘણાં બધા પૂજ્ય-પ્રભુ સારા કે એકલો અલ્લાહ (ઈશ્વર), જેનું પ્રભુત્વ સૌના ઉપર છે?" (કુર્આન, ૧૨:૩૯)

સાચો, અદ્વિતીય, સર્વોચ્ચ, સર્વશક્તિમાન ઈશ્વર એક જ હોવાનો દૃષ્ટિકોણ એ જ એક માત્ર ઈશ્વર વિશે તાર્કિક દૃષ્ટિકોણ છે. જેમકે સંપૂર્ણ શક્તિશાળી બે સર્જનહાર નથી હોઈ શકતા. ક્ષણનોય વિચાર કર્યા વગર કોઈપણ વ્યક્તિ કહી દેશે કે આ વાત વ્યવહારિક નથી.

જો ઈશ્વર એકથી વધારે હોત તો આ સૃષ્ટિમાં નિશ્ચિતપણે ગૂંચવાડો, ગરબડ, ગોટાળો, ગેરવ્યવસ્થા અને તબાહી સર્જાત; જ્યારે કે આપણે જોઈએ છીએ કે સૃષ્ટિમાં પૂર્ણ સંવાદિતા અને સુમેળ છે. કુર્આન આ સંદર્ભમાં કહે છે:

**"અલ્લાહે (ઈશ્વરે) કોઈને પોતાનો પુત્ર નથી બનાવ્યો અને ન તેના સાથે કોઈ અન્ય પૂજ્ય-પ્રભુ છે. આવું હોત તો પ્રત્યેક પૂજ્ય-પ્રભુ પોતાની સૃષ્ટિને લઈને અલગ થઈ જતો અને તેઓ એક-બીજા ઉપર ચઢાઈ કરી દેતા. અલ્લાહ (ઈશ્વર) મહાન અને ઉચ્ચ છે એ વાતોથી, જે આ લોકો કહે છે." (કુર્આન, ૨૩:૯૧)**


## કેવળ ઈશ્વર જ પૂજા-ઉપાસનાને લાયક છે


"અલ્લાહ (ઈશ્વર)ની જ ઉપાસના કરો અને તેના સાથે કોઈને ભાગીદાર ન બનાવો." (કુર્આન, ૪:૩૬)


ઈસ્લામના દૃષ્ટિકોણ અનુસાર, એક ઈશ્વરને માનવાનો અર્થ એ છે કે તમામ પ્રકારની પ્રાર્થનાઓ-દુઆઓ, પૂજા-અર્ચના અને ઉપાસનાઓ તથા ભક્તિના તમામ કાર્યો-વિધિઓ કેવળ ઈશ્વર માટે જ હોવા જોઈએ.


એક માત્ર ઈશ્વર સિવાય કોઈને પણ પ્રાર્થના કરાવવાનો, આજીજી કરાવવાનો, સોગંદ લેવડાવવાનો કે પૂજા-અર્ચના કે ઉપાસના કરાવવાનો અધિકાર નથી. ભક્તિ અને ઉપાસનાને લાયક અન્ય કોઈ નથી: ન મૂર્તિ કે પ્રતિમા, ન ક્રોસ, ન કબરો કે સમાધિઓ, ન સૂર્ય, ન ચંદ્ર, ન તારા, નક્ષત્રો કે ગ્રહો, ન મંદિરો, ન પ્રાણીઓ, ન પયગંબરો કે ઈશદૂતો, ન સૂફી-ઔલિયા કે સાધુ-સંતો કે પાદરીઓ કે ન ધાર્મિક વિદ્વાનો કે પંડિતો; કોઈ નહીં. આ સૌને ઈશ્વરે પેદા કરેલા છે અને સીમિત છે, તેથી અપૂર્ણ અને અધૂરાં છે - ઇસ્લામ અનુસાર તેઓ સહેજેય ઉપાસના કે પૂજા-અર્ચનાને લાયક નથી, જ્યારે કે ઈશ્વર સંપૂર્ણ અને સર્વોચ્ચ છે.

CONTENTS























કુર્આન આવાં કથિત ખુદાઓના જૂઠાણાં અને પોકળતાની યાદ દેવડાવતાં કહે છે :

**''શું તમે એમને પૂજો છો, જેમને તમે પોતે બનાવો છો, જ્યારે કે અલ્લાહે (ઈશ્વરે) તમને પણ પેદા કર્યા છે અને એમને પણ, જેમને તમે પૂજો છો ?'' (કુર્આન, ૩૭:૯૫-૯૬)**

**''તમે અલ્લાહ (ઈશ્વર)ને છોડીને જેમને પોકારો છો તે તો તમારા જેવાં જ ભક્તો અને ઉપાસકો છે; તેથી પોકારી જુઓ જો તમે સાચા છો, તો તેઓ અવશ્ય તમને જવાબ આપશે.'' (કુર્આન, ૭:૧૯૪)**

# અલ્લાહ (ઈશ્વર)ના પૂર્ણ ગુણોમાં સર્જનો ભાગીદાર નથી


ઈસ્લામની શિક્ષા એ છે કે ઈશ્વરનો કોઈ અંશ કે ભાગ કોઈ વ્યક્તિ કે કોઈ વસ્તુમાં ઉપસ્થિત નથી (જો કે તેનું જ્ઞાન સર્વવ્યાપી છે). કોઈપણ પેદા કરેલી વસ્તુ કે જીવધારીમાં ઈશ્વરના સંપૂર્ણ ગુણોમાંથી કોઈ અંશ હોય છે એવી કલ્પનાને ઈસ્લામ રદ કરે છે. કોઈપણ વસ્તુના ગુણોને કે શક્તિને યોગ્ય ઈશ્વરના ગુણોમાંથી માનવી કે તેને ઊંચે લઈ જવી એનો અર્થ એ થાય છે કે તેને સૃષ્ટા (ઈશ્વર)ની ભાગીદારીની કક્ષાએ લઈ જવી.


દા.ત. સારાં ભાગ્ય માટે મંત્ર-તંત્ર, દોરાં-ધાગાં કે તાવીજ-માદળિયાં કે રક્ષાકવચ, અને અંધશ્રદ્ધા જેવી કે સસલાના પગ, ઘોડાની નાળ, ૧૩ નો આંકડો વગેરેમાં લાભ કે હાનિ પહોંચાડવાની શક્તિ છે તેવી માન્યતા વાસ્તવમાં ઈશ્વરના પણ ભાગીદારો છે તેવું દર્શાવે છે. આ તદ્દન ખોટું છે, એટલા માટે કે એક માત્ર ઈશ્વર જ સર્વશક્તિમાન છે, અને તેથી તે જ લાભ કે હાનિ પહોંચાડવા સમર્થ છે. બીજું ઉદાહરણ જ્યોતિષીઓ અને ભવિષ્ય વેત્તાઓનું છે. જો કોઈપણ વ્યક્તિ પોતે ભવિષ્ય જાણે છે એવો દાવો કરે છે તો તેને ઈશ્વરના ગુણોમાંથી એક ગુણ ધારણ કરનાર સમજવામાં આવે છે, જ્યારે કે કેવળ ઈશ્વર જ દૃશ્ય અને અદૃશ્યનો જ્ઞાતા છે.


**''અને અલ્લાહ (ઈશ્વર)ને છોડીને તેને ન પોકારો, જે ન તમને લાભ પહોંચાડી શકે છે અને ન હાનિ અને ન તમારું કંઈ ખરાબ કરી શકે છે, કેમકે જો તમે આવું કર્યું તો નિશ્ચિતપણે તમે ગુનેગારોમાંથી હશો.'' (કુર્આન, ૧૦:૧૦૬)**


**''તેના જ પાસે પરોક્ષની ચાવીઓ છે, જેને તેના સિવાય કોઈ નથી જાણતું.'' (કુર્આન, ૬:૫૯)**

CONTENTS





















# ઈશ્વર, પોતે તેણે સર્જેલ સર્જનો જેવો નથી

જે રીતે ઇસ્લામ ઈશ્વરના દિવ્ય ગુણોને તેનાં સર્જનો (વ્યક્તિઓ કે વસ્તુઓ)માં આરોપણ કરવાની મનાઈ કરે છે, તે જ રીતે માનવીય વિશેષતાઓ અને મર્યાદાઓને ઈશ્વર સાથે જોડવાની વાતને રદ કરે છે. ઉદાહરણાર્થ, કેટલાક ધર્મો દાવો કરે છે કે બધું બનાવ્યા પછી 'ઈશ્વરે સાતમા દિવસે આરામ કર્યો'. અલ્લાહને આરામની આવશ્યકતા નથી. આવું માનવું એ ખરેખર ઈશ્વર અપૂર્ણ છે તેવું માનવા બરાબર છે.

ઇસ્લામ સર્જનોની અપૂર્ણતા અને ઈશ્વરની પૂર્ણતા બાબતે સ્પષ્ટ ભેદ દર્શાવે છે. સૃષ્ટિની કોઈપણ વસ્તુ કે પ્રાણીની સાથે જોડવામાં આવતી તમામ અપૂર્ણતાઓથી તે તદ્દન પર છે.

> "અમે આકાશો અને ધરતીને અને તેમના વચ્ચેની તમામ વસ્તુઓને છ દિવસમાં પેદા કર્યા અને અમને સહેજ પણ થાક ન લાગ્યો."
> (કુર્આન, ૫૦:૩૮)

કેટલાક ધર્મો માને છે કે ઈશ્વર માનવીય રૂપ ધારણ કરે છે અને તે એકી સાથે પૂર્ણ માનવ પણ હોય છે અને પૂર્ણ ઈશ્વર પણ. પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે ઈશ્વર સંપૂર્ણ અને સર્વ-ગુણ સંપન્ન છે, જેમકે તે સર્વજ્ઞાની છે, સર્વશક્તિમાન છે તથા શાશ્વત અને અનંત છે; જ્યારે કે માનવી અપૂર્ણ ગુણો ધરાવે છે. માનવીનું જ્ઞાન સીમિત છે, તેની શક્તિ મર્યાદિત છે અને તે મૃત્યુ પામનાર છે.

મુસ્લિમો આ પ્રકારની અતાર્કિક કલ્પના અને વિભાવનાથી સુરક્ષિત છે (કે ઈશ્વર માનવરૂપ અથવા તેનાં સર્જનોમાંથી કોઈનું રૂપ ધારણ કરે છે), કેમકે ઇસ્લામમાં ઈશ્વર અંગે સ્પષ્ટ, સરળ, સર્વગ્રાહી અને શુદ્ધ ધારણા છે.

# કોઈની મધ્યસ્થી વિના, ઈશ્વરની સીધી ઉપાસના કરવામાં આવે છે


એવી કોઈ વસ્તુ નથી જે માનવીને ઈશ્વરને સીધેસીધા પોકારવાથી કે પ્રાર્થનાથી તથા તેની મદદ અને ક્ષમાયાચનાથી રોકી શકે.


ઈશ્વર એ સૌનું સાંભળે છે જે તેની સ્તુતિ કરે અને તેને પોકારે. ઇસ્લામમાં કોઈ 'મધ્યસ્થી' નથી; દરેક વ્યક્તિ ઈશ્વર સુધી સીધો પહોંચી શકે છે, કોઈ વિઘ્ન વિના.


મુસ્લિમોએ ઈશ્વર સાથે સીધો અને પ્રત્યક્ષ સંબંધ જોડવો જોઈએ. ઈશ્વરની અપ્રત્યક્ષ કે મધ્યસ્થી સાથે (જેમકે મૂર્તિ, ચિત્ર, પ્રતિમા કે પ્રતીક અથવા અન્ય કોઈ મધ્યસ્થીની મારફતે)


> "જાણી લો : વિશુદ્ધ ધર્મ અલ્લાહ (ઈશ્વર) માટે જ છે. રહ્યા તે લોકો જેમણે તેનાથી હટીને બીજા સમર્થકો અને સંરક્ષક બનાવી લીધા છે (કહે છે :) 'અમે તો તેમની ઉપાસના એટલા માટે કરીએ છીએ કે તેઓ અમને ઈશ્વરનું સામીપ્ય પ્રાપ્ત કરાવી દે'... નિશ્ચિત રૂપે ઈશ્વર એને માર્ગ દેખાડતો નથી જે જૂઠો અને મોટો અકૃતજ્ઞ છે."
> (કુર્આન, ૩૯:૩)

CONTENTS























ઉપાસના કરવી એ ઈશ્વરની એકતા, અનન્યતા અને અદ્વિતીયતા સાથે બાંધછોડ છે; તથા ઈશ્વરની ઉપાસનાને કલંકિત કરે છે, જે વાસ્તવમાં ઉપાસનાને લાયક છે.

# બધાં ઈશદૂતો **એક ઈશ્વર** તરફ લોકોને બોલાવતા હતા

"અમે પ્રત્યેક સમુદાયમાં કોઈને કોઈ ઈશદૂત મોકલ્યો કે 'અલ્લાહ (ઈશ્વર)ની બંદગી કરો અને જૂઠાં ખુદાઓથી (પૂજ્યો) બચો." (કુર્આન, ૧૬:૩૬)

મુસ્લિમો, ઈશ્વરે પ્રત્યેક દેશમાં મોકલેલાં બધાં જ ઈશદૂતો અને સંદેષ્ટાઓમાં શ્રદ્ધા રાખે છે. તેઓ બધાં એક જ સંદેશ લઈને આવ્યા હતા કે, ઈશ્વર એક છે. નીચે તેનાં કેટલાક ઉદાહરણો આપવામાં આવે છે :

નૂહ (Noah અલૈ.)એ કહ્યું : (કુર્આન, ૭:૫૯)

**"હે મારી જાતિના લોકો ! અલ્લાહ (ઈશ્વર)ની બંદગી કરો ! તેના સિવાય તમારો કોઈ પૂજ્ય નથી."**

ઈબ્રાહીમ(Abraham અલૈ.)એ કહ્યું : (કુર્આન, ૨૧:૬૬)

**"પછી શું તમે અલ્લાહ (ઈશ્વર) સિવાય તેને પૂજો છો, જે ન તમને કંઈ લાભ પહોંચાડી શકે છે, ન હાનિ ?"**

મૂસા (Moses અલૈ.)એ કહ્યું : (કુર્આન, ૭:૧૪૦)

**"શું હું અલ્લાહ (ઈશ્વર) સિવાય તમારા માટે કોઈ બીજો ઉપાસ્ય શોધું, જો કે તેણે જ સમસ્ત સંસારવાસીઓ ઉપર તમને શ્રેષ્ઠતા આપી ?"**

ઈસા (Jesus અલૈ.)એ કહ્યું : (કુર્આન, ૪૩:૬૪)

**"વાસ્તવમાં અલ્લાહ (ઈશ્વર) જ મારો પણ પૂજ્ય-પ્રભુ છે અને તમારો પણ પૂજ્ય-પ્રભુ છે, તો તેની જ ઉપાસના કરો. આ જ સન્માર્ગ છે."**

મુહમ્મદ (Muhammad સલ્લ.)એ કહ્યું : (કુર્આન, ૧૮:૧૧૦)


**"હું તો કેવળ તમારા જેવો જ એક મનુષ્ય છું. મારા તરફ દિવ્ય પ્રકાશના કરવામાં આવે છે કે તમારો પૂજ્ય-પ્રભુ બસ એક જ પૂજ્ય-પ્રભુ છે, તેથી જે કોઈ પોતાના પૂજ્ય-પ્રભુના મિલનની આશા રાખતો હોય, તેણે સત્કર્મો કરવા જોઈએ અને પોતાના પૂજ્ય-પ્રભુની ઉપાસનામાં કોઈને ભાગીદાર ન બનાવે."**

સર્વશક્તિમાન ઈશ્વરના એક અને અદ્વિતીય હોવામાં વિશ્વાસ એ ઇસ્લામનો પાયો છે, અને જેમકે આપણે જોયું, ઇસ્લામ એવી કોઈપણ ધારણાને રદ કરે છે જે ઈશ્વરની અનન્યતા અને એકત્વનો ઇન્કાર કરતી હોય. ઈશ્વર એક જ છે, અને તેના સિવાય કોઈ પૂજા-અર્ચના કે બંદગીને લાયક નથી.

## CONTENTS





ઇસ્લામ સંક્ષિપ્ત પરિચય
મુહમ્મદ
આ વ્યક્તિ વિશે તમારે અવશ્ય જાણવું જોઈએ..!
કુર્આન
ઇસ્લામ
તમે ખરેખર શું જાણો છો ?
સ્ત્રીઓના અધિકારો
મૃત્યુ અને પરલોકનું જીવન ઇસ્લામી દ્રષ્ટિકોણ
એકેશ્વરવાદ
વ્યાજનું વિષચક્ર






વ્યાજનું વિષચક્ર
GUJRATI
(08/08)
الربا
FREE COPY
"આ બમણું અને ચોગણું બનાવીને વ્યાજ ન ખાઓ અને ઈશ્વરથી (તમારા ઉત્તરદાયિત્વ અંગે) ડરતા રહો, જેથી તમને સફળતા પ્રાપ્ત થાય."
(કુર્આન, ૩:૧૩૦)
Dar Al Ber Society
www.daralber.ae
الإمارات
THE EMIRATES
Your Path To Peace..
مركز المعلومات الإسلامي
Islamic Information Center
تصريح رقم
(2017/139)
دائرة الشؤون الإسلامية والعمل الخيري
Islamic Affairs & Charitable Activities Department
www.islamicic.com

CONTENTS
























# પરિચય

તમને એ વાત ઉપર આશ્ચર્ય નથી થતું કે એક મુસ્લિમ ડુક્કરનું માંસ કદાપિ નથી ખાતો, કેમકે તે હરામ(અવૈધ) છે; પોતાની માતા કે બહેન સાથે ક્યારેય લગ્ન નથી કરતો, કારણ કે તે પણ હરામ છે; પરંતુ એ જ વ્યક્તિને વ્યાજ હોઈયાં કરી જવામાં કોઈ વાંધો નથી હોતો? શું તમે જાણો છો કે વ્યાજનો વ્યવહાર એક મોટો ગુનો છે, જે તમને નર્કમાં લઈ જશે?

"... પરંતુ જે વ્યક્તિ આ આદેશ પછી ફરી આ જ કૃત્યનું (વ્યાજના વ્યવહારનું) પુનરાવર્તન કરશે, તે નર્કમાં જવાવાળો છે, જ્યાં તે હંમેશા રહેશે."(કુર્આન, ૨:૨૭૫)

જો વ્યાજનો વ્યવહાર આટલો શિક્ષાપાત્ર છે, તો શા માટે આટલા બધાં લોકો આ પાપમાં પડે છે અને તેને સામાન્ય બાબત સમજે છે?

## 'રિબા' (વ્યાજ) નો અર્થ

'રિબા' અરબી ભાષાનો શબ્દ છે, જેનું ક્રિયાપદ 'રબા' છે. તેનો અર્થ 'વધવું', 'વિકસવું' અને 'હદ ઓળંગી જવું' થાય છે. તેમાં એ વ્યાજનો પણ સમાવેશ થાય છે જે બેંકો દ્વારા વસૂલ કરવામાં આવે છે, જેમકે કાર-લોન માટેનું, હોમ-લોન માટેનું, ક્રેડિટ કાર્ડના દેવાનું વગેરે.

## વ્યાજ હરામ (અવૈધ) છે તેનું પ્રમાણ

ઈસ્લામમાં વ્યાજ હરામ છે અને ગંભીર ગુનાઓમાંથી તે એક મોટો ગુનો છે એના ઘણાં પ્રમાણો છે.

જે લોકો અલ્લાહ (ઈશ્વર) અને કુર્આન ઉપર સાચી શ્રદ્ધા રાખે છે તેમના માટે આ આયત (શ્લોક) પૂરતી છે, જે વ્યાજની મનાઈ કરે છે:

"અલ્લાહે (ઈશ્વરે) વેપારને વૈધ અને વ્યાજને અવૈધ ઠરાવ્યું છે." (કુર્આન, ૨:૨૭૫)

કુર્આનમાં ઈશ્વરે કોઈનાય વિરુદ્ધ યુદ્ધની ઘોષણા નથી કરી, સિવાય એ લોકોના જેઓ વ્યાજનો વ્યવહાર કરે છે:

"હે આસ્થા રાખનારાઓ (મુસ્લિમો)! અલ્લાહ (ઈશ્વર)થી ડરો અને જે કંઈ વ્યાજ બાકી રહી ગયું છે તેને છોડી દો, જો તમે ઈમાનવાળા છો. જો તમે આવું ન કર્યું તો ઈશ્વર અને તેના ઈશદૂતથી યુદ્ધ માટે સાવધાન થઈ જાઓ." (કુર્આન, ૨:૨૭૮-૨૭૯)


શું તમને ગમશે સર્વશક્તિમાન ઈશ્વર તમારા વિરુદ્ધ યુદ્ધ છેડે, જ્યારે કે તે પહેલાંથી જ તદ્દન સ્પષ્ટતાપૂર્વક વ્યાજ અવૈધ હોવાની જાહેરાત કરી ચૂક્યો છે?


ઈશદૂત (સલ્લ.)એ ચેતવણી આપી છે કે વ્યાજનો ઉપભોગ કરવો એ મોટા સાત પાપોમાંથી એક પાપ છે, જે મહાપ્રલય પછી ન્યાયના દિવસે વ્યક્તિને નર્કનો ભોગ બનાવશે. (મુસ્લિમ અને બુખારી)


વ્યાજ બધી રીતે અવૈધ છે, જેમકે ઈશદૂત મુહમ્મદ (સલ્લ.)એ ફરમાવ્યું છે:


''અલ્લાહે (ઈશ્વરે) શ્રાપ વરસાવ્યો છે વ્યાજ લેનાર અને ખાનાર ઉપર, વ્યાજ ખવડાવનાર અને આપનાર ઉપર, વ્યાજનો હિસાબ-કિતાબ લખનાર ઉપર અને તેના સાક્ષીઓ ઉપર.'' અને ફરમાવ્યું કે ''આ બધાં (અસલ ગુનાની ભાગીદારીમાં) સરખા છે.'' (મુસ્લિમ)


CONTENTS















## વ્યાજ અવૈધ શા માટે ?

વ્યાજ અવૈધ હોવાનું સૌપ્રથમ અને મુખ્ય કારણ એ છે કે ઈશ્વરે તેને હરામ(અવૈધ) ઠેરવ્યું છે. ઈશ્વર પોતાની અપાર તત્ત્વદર્શિતા અને ડહાપણના આધારે મનુષ્યના આલોક અને પરલોકના જીવનના સર્વોત્તમ હિતને સામે રાખીને કોઈપણ કાર્યને અનિવાર્ય કે નિષિદ્ધ કરે છે, કેમકે તે જ સંપૂર્ણ વિવેકદૃષ્ટા, તત્ત્વદર્શી અને સર્વજ્ઞ છે. ઈસ્લામના વિદ્વાનોએ વ્યાજ અવૈધ હોવાના અન્ય કેટલાક કારણો પણ દર્શાવ્યા છે; જેમકે :


- તમામ દેશોમાંથી, નાના હોય કે મોટાં, કેટલાય દેશો એવા છે, જેમના શિરે એટલા મોટા પ્રમાણમાં વિદેશી દેવું હોય છે કે તેના વ્યાજની ચૂકવણી આખા દેશ માટે કચડી નાખે એવો ભારે બોજ હોય છે. દેવું મારી નાખે છે. વિશ્વમાં અંદાજે ૧.૧ કરોડ બાળકો કેવળ ગરીબી અને દેવાને કારણે મૃત્યુ પામે છે. નાઈજિરિયાના ભૂતપૂર્વ પ્રમુખ ઓબેસાન્જો પોતાના દેશના દેવા વિશે કહે છે :


  "૧૯૮૫ કે ૧૯૮૬ ની સાલમાં અમે જે કંઈ ધિરાણ લીધું હતું તે અંદાજે ૫ બિલિયન ડોલર હતું અને અમારે ૧૬ બિલિયન ડોલર ચૂકવવાના છે, જ્યારે કે અમને ૨૮ બિલિયન ડોલર ચૂકવવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ૨૮ બિલિયન ડોલર એ વિદેશી શાહુકારોના વ્યાજ-દરમાં ભેદભાવને કારણે છે. જો તમે મને પૂછો કે આ જગતમાં સૌથી ખરાબ વસ્તુ શું છે, તો હું કહીશ કે - ચક્રવૃદ્ધિ વ્યાજ" (જ્યુબિલી ૨૦૦૦ ન્યૂઝ અપડેટ, ઑગસ્ટ ૨૦૦૦)


- વ્યાજ ભાઈચારા અને સહાનુભૂતિની ભાવનાને સમાપ્ત કરી નાખે છે, અને તેનો પાયો જ લોભ અને લાલચ, સ્વાર્થ અને પથ્થરદિલી છે.
- વ્યાજ એ ફુગાવો વધવાનાં મુખ્ય પરિબળોમાંથી એક છે.
- વધતાં વ્યાજથી વ્યક્તિના માથે દેવું પણ વધતું જાય છે, જે છેવટે તેના માટે માનસિક આઘાત અને હતાશામાં પરિણમે છે.
- વ્યાજ એ નુકસાનની કોઈપણ સંભાવના વિનાની નિશ્ચિત કમાણી છે; તેની સામે લાભ અને જોખમ બંને પક્ષો ઉપર હોવાને બદલે બધું જોખમ માત્ર દેવાદારના માથે હોય છે.
- વ્યાજથી સમાજમાં ઈજારાશાહીનું નિર્માણ થાય છે; જ્યાં ધનવાનોને, સંપન્ન અને સમૃદ્ધ હોવાને કારણે વળતર મળે છે, જ્યારે ગરીબોને વધારે ચૂકવવા માટે મજબૂર કરવામાં આવે છે.


૨૦૦૮ અને ૨૦૦૯ ની વૈશ્વિક નાણાકીય કટોકટી દરમ્યાન, L'Osservatore Romano નામના વેટિકનના દૈનિક સમાચારપત્રએ અહેવાલ આપ્યો, જેમાં વેટિકને કહ્યું કે ઈસ્લામી આર્થિક વ્યવસ્થા પશ્ચિમી બેંકોને આ કટોકટીમાં એક વિકલ્પ આપી શકે છે. વેટિકને સલાહ આપી હતી કે, "ઈસ્લામી આર્થિક વ્યવસ્થા, જેનો આધાર ધાર્મિક-નૈતિક સિદ્ધાંતો છે, બેંકોને પોતાના ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કરવામાં અને એવી સાચી ભાવના જે પ્રત્યેક આર્થિક સેવા માટે જરૂરી છે તેને પ્રાપ્ત કરવામાં મદદરૂપ બની શકે છે."

CONTENTS
























જ્યારે વ્યાજ-આધારિત બજાર નિષ્ફળ જાય છે, ત્યારે ઈસ્લામી નાણાકીય સંસ્થાઓને એમના જેવા પરિણામો ભોગવવા પડતા નથી, કેમકે જોખમ બંને પક્ષે સરખે હિસ્સે વહેંચાતું હોય છે. નાણાં ધીરનાર વધારે જાગૃત હોય છે અને કાળજી રાખતો હોય છે, કેમકે જો કરજદાર તેની મુદ્દલ રકમ પણ પરત ન આપી શકે તો તેના માથે પણ નાણાં ગુમાવવાનું જોખમ રહે છે.

વ્યાજથી ઊભી થતી આ અને બીજી અનેક મુશ્કેલીઓ અને સમસ્યાઓને કારણે, જો ઈસ્લામે આ ઘૃણાસ્પદ કૃત્યને હરામ(અવૈધ) ઠરાવ્યું હોય તો એમાં નવાઈ પામવા જેવું કશું નથી.

## વ્યાજથી કઈ રીતે બચી શકાય ?


મૂડીવાદી સમાજ-વ્યવસ્થામાં રહીને વ્યાજથી સંપૂર્ણપણે બચવું મુશ્કેલ છે, તેમ છતાં આ વાતને બહાનું બનાવીને વ્યાજથી મુક્તપણે લાભાન્વિત થવું ઉચિત ગણી શકાય નહીં. આ બૂરાઈ અને દૂષણને હાંકી કાઢવાનો એક સીધો રસ્તો એ છે કે એવી લોન લેવી જ નહીં જેનું વ્યાજ ચૂકવવું પડે. અન્ય ઉપાયો આ પ્રમાણે છે :


- વ્યાજ-મુક્ત બેંક ખાતાઓ ખોલાવો.
- એવા કોઈ કરાર કે ખતપત્રથી બંધાવું નહીં, જેના દંડ રૂપે વ્યાજ નિર્ધારિત હોય, ભલે ને પછી કોઈનો ઈરાદો સમયસર ચૂકવણી કરવાનો જ કેમ ન હોય.
- બિલની ચૂકવણી સમયસર કરો, જેથી વિલંબિત ચૂકવણીની પેનલ્ટી ન ભરવી પડે.
- વેપાર-ધંધો કરવા માટે વ્યાજનો ઉપયોગ ન થાય એવી જ શરતો માન્ય રાખો.
- શક્ય હોય ત્યાં સુધી માત્ર કુટુંબ કે મિત્રવર્તુળમાંથી જ નાણાં ઉધાર લેવાનું રાખો.
- ઈસ્લામી નીતિ-નિયમોવાળી બેંકો સાથે જ વ્યવહાર રાખો.
- ભાડાના મકાનમાં રહો, જો વ્યાજ વગર મકાન ખરીદવાની તમારી શક્તિ ન હોય. (આવું બીજી વસ્તુઓ અને જરૂરતો માટે સંભવ છે.)
- એવી જ લોન સ્વીકારો અથવા વ્યવસ્થા કરો, જેનો આશય કેવળ સહાનુભૂતિ હોય (અર્થાત્ કર્ઝે હસના). આ એવી લોન છે, જેમાં આપનારનો આશય ભલાઈ કે પરોપકાર જતાવવાનો નથી હોતો અને વ્યાજ પણ સામેલ નથી હોતું.


બેંક તમને જે વ્યાજ ચૂકવે છે તેના સંદર્ભમાં આટલું કરો કે તે વ્યાજ ન બેંકને પરત આપો, ન સ્વયં તેનાથી લાભ ઉઠાવો; બલ્કે તેનો જન-કલ્યાણના કાર્યોમાં ઉપયોગ કરો, જેવાં કે જાહેર શૌચાલયો બનાવવા, જાહેર ઉપયોગના પાણીના હેન્ડ-પંપ કે કૂવા ખોદાવવા, દેવામાં ડૂબેલ વ્યક્તિને દેવામાંથી બહાર કાઢવો વગેરે. જો કે આ કાર્યોના વળતરની સહેજ પણ અપેક્ષા ન રાખો.


વ્યાજથી દૂર રહેવાનો તથા કયા નાણાકીય વ્યવહારો વૈધ છે તે નક્કી કરવાનો સૌથી અસરકારક ઉપાય એ છે કે ઈસ્લામી વિદ્વાનોની સલાહ લો અને તેમના જ્ઞાનથી લાભાન્વિત થાઓ.


CONTENTS















## હું શું કરું, જો હું અત્યંત **ખરાબ સ્થિતિ**માં હોઉં?

ઇસ્લામમાં, ઘોર નિરાશાજનક અને કોઈ રસ્તો ન સૂઝતો હોય તેવી અનિવાર્ય પરિસ્થિતિમાં કોઈ હરામ(અવૈધ) કાર્ય કોઈ વ્યક્તિ કરી નાખે તો તે ક્ષમાપાત્ર છે. તેથી, જો કોઈ વ્યક્તિ વ્યાજ માટે મજબૂર થઈ જાય તો આ કૃત્ય, અત્યંત મુશ્કેલી કે મૃત્યુ જેવી સ્થિતિમાં, આ મુશ્કેલીમાંથી બહાર નીકળી જાય તે સમયગાળા સુધી હંગામી રૂપે માન્ય રહે છે. યાદ રાખો કે કેવળ અલ્લાહ (ઈશ્વર) કાજે વ્યાજનો વ્યવહાર ન કરવાનાં નિર્ધારને કારણે ઊભી થતી મુશ્કેલીઓનો સારો બદલો નિશ્ચિત રૂપે મળશે. ઇસ્લામી જ્ઞાન ધરાવનાર અને બીજાની વ્યક્તિગત મુશ્કેલીઓને સારી રીતે સમજનાર વ્યક્તિ જ નક્કી કરી શકે છે કે વ્યક્તિની તકલીફ વાસ્તવમાં કેવી છે કે જેથી તેને વ્યાજનો વ્યવહાર કરવાની પરવાનગી મળે. નહિં તો, આ અપવાદનો ઘણાં લોકો ફાયદો ઉઠાવશે અને કેટલાય લોકો ખોટી રીતે વ્યાજનો ઉપભોગ કરવા લાગશે અને અલ્લાહે (ઈશ્વરે) નક્કી કરેલા ભયાનક પરિણામો ભોગવશે.

વ્યાજનો ઉપયોગ કરીને મકાન (કે એવી જ બીજી વસ્તુઓ) ખરીદી શકાય એવી એક ગેરસમજ સામાન્ય રીતે મુસલમાનોમાં જોવા મળે છે. કેટલાક લોકો દાવો કરે છે કે આ એવી 'જરૂરત' છે જેની 'પરવાનગી' છે અને 'માન્ય' છે. હકીકત એ છે કે એક વ્યક્તિ મકાન ખરીદવાને બદલે ખૂબ સરળતાથી ભાડાનું મકાન લઈ શકે છે એ વાત જ આ દાવાને નકારે છે. જો આ દલીલ સાચી હોત, તો શું તેનો અર્થ એ થયો કે તરસ લાગે તો દારૂની પહેલી બોટલ પીવાની છૂટ છે, ભલે ને પછી પાણી ઉપલબ્ધ હોય ? અથવા ડુક્કરનું માંસ ખાઈ શકાય છે, જો તેનો વૈધ વિકલ્પ હોય તો પણ ? આ વાત માટે લોકોને તો મૂર્ખ બનાવવું સહેલું હોઈ શકે છે, પણ આપણે યાદ રાખવું જોઈએ કે :

> **"અલ્લાહ (ઈશ્વર) એ બધું જ જાણે છે જેને તમે જાહેર કરો છો અને એ બધું પણ જેને તમે છુપાવો છો." (કુર્આન, ૫:૯૯)**


પોતાની અને પરિવારજનોની સહાયતા માટે ભાડું ચૂકવવું એ નાણાંનો વ્યય નથી. ઈશ્વર, જે સૌથી વધારે કદરદાન છે, તેનો બદલો દાન ગણીને આપશે : 'જ્યારે કોઈ વ્યક્તિ અલ્લાહ (ઈશ્વર)થી બદલો મેળવવાના ઇરાદાથી પોતાના પરિવારજનો ઉપર ખર્ચ કરે છે, તો તેને તેના તરફથી સદકો (દાન) ગણવામાં આવે છે.' (મુસ્લિમ અને બુખારી)


## દુનિયા અને આખિરત (પરલોક)ની **સફળતા**


જ્યારે આપણે વ્યાજના પ્રશ્નને જોઈએ છીએ તો આપણે યાદ રાખવું જોઈએ કે સાચી સફળતા કેવળ ઈશ્વરની સહાયતાથી જ સંભવ છે. જો આપણે જે કંઈ વૈધ અને કાયદેસર છે તેને અનુસરીએ અને જે કંઈ અવૈધ છે તેનાથી દૂર રહીએ, તો આપણી સંપત્તિ અને ધનદોલત આ દુનિયા અને પરલોકના જીવનમાં કૃપારૂપ અને પાવન તેમજ લાભદાયક બની રહેશે. વ્યાજ દ્વારા વધારાની કમાણી પવિત્ર અને શુદ્ધ ન હોય, અને શ્રાપ અને દુઃખનું મૂળ જ હોય તો તેનો શું લાભ?


ન્યાયના દિવસે, લોકો પોત-પોતાની કબરોમાંથી તરત જ નીકળી આવશે, સિવાય એ લોકોના જેઓ વ્યાજના કારોબારમાં વ્યસ્ત હતા. તેઓ ઊભા થશે અને પછી

CONTENTS
























વાઈના દર્દીની જેમ અચાનક પટકાઈ જશે; કારણ કે :

**“જે લોકો વ્યાજ ખાય છે, તેઓ ઊભા નહીં રહી શકે, પરંતુ એ વ્યક્તિની જેમ, જેને શૈતાને સ્પર્શ કરીને પાગલ કરી નાખ્યો હોય. આવું એટલા માટે છે કે તેનું કહેવું છે : ‘વ્યાજ પણ એક વેપારની જેમજ છે ને !’ જ્યારે કે ઈશ્વરે વેપારને વૈધ અને વ્યાજને અવૈધ ઠરાવ્યું છે.” (કુર્આન, ૨:૨૭૫)**

આ સજા છે એ લોકોને જેઓ વ્યાજથી ફાયદો ઉઠાવે છે અને આ મોટાં પાપથી ગંભીરતાપૂર્વક ક્ષમા અને પશ્ચાતાપ કરતા નથી.

ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરીને જે લોકો સફળતા માટે પ્રયત્નશીલ છે, તેમને નીચે દર્શાવેલ આયતથી શાંતિ પ્રાપ્ત થાય છે :

**“આ બમણું અને ચોગણું બનાવીને વ્યાજ ન ખાઓ અને ઈશ્વરથી (તમારા ઉત્તરદાયિત્વ અંગે) ડરતા રહો, જેથી તમને સફળતા પ્રાપ્ત થાય.” (કુર્આન, ૩:૧૩૦)**

આપણને એ પણ બતાવી દેવામાં આવ્યું છે કે પરલોકની સફળતા અને મુક્તિનું રહસ્ય શું છે :

**“આસ્થા રાખનારાઓની વાત તો બસ એ હોય છે કે જ્યારે તેમને ઈશ્વર (અર્થાત્ તેની વાણી - કુર્આન) અને તેના રસૂલ તરફ બોલાવવામાં આવે, જેથી તે તેમના દરમ્યાન ફેંસલો કરે, તો તેઓ કહે છે : ‘અમે સાંભળ્યું અને આજ્ઞાપાલન કર્યું.’ અને આવા જ લોકો સફળ છે (જેઓ હંમેશા સ્વર્ગમાં રહેશે.)” (કુર્આન, ૨૪:૫૧)**

## સમાપન :

નિ:શંક, વ્યાજ અવૈધ છે અને મોટું પાપ છે, અને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર તેની સજાને પાત્ર છે. આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આ દુનિયાનું જીવન અલ્પ અને ક્ષણભંગુર છે, અને આપણાં અસ્તિત્વનો હેતુ એ નથી કે આપણે સૌંદર્ય અને સંપત્તિની લાલસા પાછળ ભાગતા રહીએ, બલ્કે આપણા જીવનનો હેતુ ઈશ્વરની સાચી ભક્તિ અને ઉપાસના કરવાનો અને તેણે બતાવેલ કાનૂન અનુસાર જિંદગી ગુજારવાનો છે. યાદ રાખો, વ્યાજ પ્રચલિત, વ્યાપક અને સામાન્ય બની ગયું છે તેથી તે કદાપિ માન્ય અને પરવાનગીપાત્ર બની જતું નથી.

**“...જે વ્યક્તિ ઈશ્વરથી ડરે છે (અને તેના પ્રત્યેનું પોતાનું કર્તવ્ય નિભાવે છે) તેમના માટે તે (પરેશાનીથી) નીકળવાનો માર્ગ પેદા કરી દેશે, અને તેને એ જગ્યાએથી રોજી આપશે જેનું અનુમાન પણ તેને નહીં હોય. જે ઈશ્વર ઉપર ભરોસો કરશે તો તે તેના માટે પૂરતો છે.” (કુર્આન, ૬૫:૨-૩)**

مـركـز المعلومات الإسلامي
Islamic Information Center
للتعريف بالإسلام

Part of the

# ISLAMIC e-LIBRARY

Learn more about Islam with our informative and educational materials, translated to over 50+ languages

**Quran** **Flyers** **Books**

iicdxb.com/flyers

@islamicicdxb